RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 174, Dt.07-10-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કાલે હરિયાણા-જમ્મુ કાશ્મીરની ચૂંટણીના પરિણામો

## એકઝીટ પોલથી રાજકીય ઉતેજના વધી : દિલ્હીમાં બેઠકોનો દૌર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


દેશમાં ફરી એક વખત ગરમ થયેલા રાજકીય વાતાવરણમાં એક તરફ કાલે હરીયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીનાં પરીણામો જાહેર થશે અને બન્ને રાજયોના આવેલા એકઝીટ પોલથી સસ્પેન્સ વધી ગયુ છે તો બીજી તરફ હવે ચૂંટણી પંચ ગમે તે સમયે મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરશે અને દિવાળી પછી યોજાનારી આ ચૂંટણીની સાથે ઉતર પ્રદેશની વિધાનસભાની ૧૦ બેઠકો સહિત કુલ ૫૦ બેઠકોની પેટા ચૂંટણી પણ જાહેર કરશે.લોકસભા ચૂંટણી બાદની યોજાયેલી હરીયાણા તથા જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણીના મતદાન સંપન્ન થતા જ રવિવારે દર્શાવાયેલા એકઝીટ પોલમાં ભાજપની સ્થિતિ નપપાતળીથ હોવાનું દર્શાવે છે. હરીયાણામાં પક્ષ ૯૦ બેઠકોમાં ૪૫ થી ૫૦ અને એકઝીટ પોલમાં ૫૫ જેટલી બેઠકો જીતશે તેવુ દર્શાવાતા ભાજપની છાવણીમાં સોપો પડી ગયો હતો છતા ભાજપે બહાદુર ચહેરો બતાવવા કોશીશ કરી છે.તો જમ્મુ-કાશ્મીરમાં ત્રિશંકુ વિધાનસભાનાં સંકેત મળ્યા છે અને કોંગ્રેસ નેશનલ કોન્ફરન્સનું જોડાણ સૌથી વધુ બેઠકો મેળવી જશે તેવુ ચિત્ર અપાયું છે. ૯૦ બેઠકોની વિધાનસભામાં હવે ત્રીજા સ્થાને રહી શકતા પીડીપી અને ખીશમાં ચૂંટાઈ શકતા અપક્ષ નાના પક્ષો પાસે સરકારની રચનાનું હુકમનું પતુ હશે તેવી શકયતા છે.



જોકે ભાજપે એ પાંચ બેઠકો પર નજર રાખી છે. જેના પર સભ્યોને નિયુકત કરવાની સતા ઉપરાજયપાલ પાસે છે અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં તે અપક્ષ કે એન્જીનીયર રાશીદ સહીતના નાના પક્ષોનાં નેતાઓ પર નજર હશે. હરીયાણામાં જો કોંગ્રેસ સ્પષ્ટ બહુમતી મેળવે તો ભાજપને મોટો આંચકો હશે અને તેની અસર મહારાષ્ટ્ર અને ઝારખંડ પર પણ પડી શકે છે તો વિપક્ષોને લોકસભા ચૂંટણી બાદ નવી તાકાત મળશે હવે કાલ બાદ રાજકીય ગતિવીધી વધશે.

બીજી તરફ મહારાષ્ટ્ર અને હરીયાણામાં તા.૨૬ નવેમ્બર પૂર્વ વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની ડેડલાઈન ખુદ ચૂંટણી પંચે આપી છે તેથી હવે આગામી દિવસોમાં આ બન્ને રાજયોની ધારાસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થશે અને બન્ને રાજયો વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ જામશે તો તેની સાથે

## પાચમું નોરતું: સ્કંદમાતાનો ઉપદેશ - બાળકોને સમાજનું ભલું કરવાનું શીખવો; ભોગમાં દેવીને કેળાનો નૈવૈદ્ય અર્પણ કરો



આજે (૭ ઓક્ટોબર) નવરાત્રિના પાંચમા દિવસે દેવી સ્કંદમાતાની પૂજા કરો. સ્કંદ કાર્તિકેય સ્વામીનું એક નામ છે. કાર્તિકેયની માતા હોવાને કારણે, દેવી પાર્વતીને સ્કંદમાતા પણ કહેવામાં આવે છે. આ સ્વરૂપમાં દેવીએ લાલ અને પીળા વસ્ત્રો પહેર્યા છે, દેવી ગોરા રંગની (ગૌરી) એટલે કે સફેદ દેખાય છે. તેથી તેમની પૂજામાં સફેદ, લાલ કે પીળા વસ્ત્રો પહેરવા જોઈએ. સવારે સ્નાન કર્યા પછી, દેવીની પૂજા કરવાનો સંકલ્પ લો અને ઘરના મંદિરમાં વ્રત રાખો. પૂજા કરો અને દિવસભર ઉપવાસ રાખો. દેવી મંત્રોનો જાપ કરો. સાંજે ફરીથી દેવીની પૂજા કર્યા પછી ઉપવાસ તોડો. આપણા શરીરમાં સપ્ત (સાત) ચક્રો છે, આ સાત ચક્રોમાંથી વિશુદ્ધ ચક્રમાં દેવી સ્કંદમાતાનો વાસ છે.

## માલદીવનાં રાષ્ટ્રપતિને બ્રહ્મજ્ઞાન આવ્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારતની ચાર દિવસીય મુલાકાતે આવ્યા છે. મુઈઝુ ચાર દિવસની રાજ્ય મુલાકાત પર રવિવારે નવી દિલ્હી પહોંચ્યા હતા. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ખાતરી આપી છે કે તેમનો દેશ ભારતની સુરક્ષાને ખલેલ પહોંચાડે તેવું કોઈ કામ કયારેય નહીં કરે. મુઈઝુ, જેની સરકાર માલદીવમાં આર્થિક સંકટનો સામનો કરી રહી છે, તે ભારત સાથે તેના દેશના સંબંધોને ફરીથી સેટ કરવા માટે ભારતની મુલાકાતે છે. ચીનના નજીકના ગણાતા મુઈઝુએ રવિવારે કહ્યું હતું કે ચીન સાથેના દેશના સંબંધોથી ભારતની સુરક્ષાને કયારેય કોઈ ખતરો નહીં રહે.



માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારતની મુલાકાતે છે. વિદેશ મંત્રી જયશંકરને મળ્યા બાદ હવે તેઓ માલદીવની આર્થિક સ્થિતિ સુધારવા માટે વડાપ્રધાન મોદીને મળશે.

રવિવારે તેમણે ભારત સાથેના સંબંધોમાં નાટકીય ફેરફારો અંગે પોતાનું મૌન તોડ્યું હતું. ચાઈનીઝ નાણાની મદદથી લાઈમલાઈટમાં ચડી ગયેલા મોઈજ્જુ ભારત વિરોધી અભિયાન ચલાવીને સત્તામાં આવ્યા હતા. ચીન સમર્થિત મુઈઝુ લાંબા સમયથી ભારત માટે માથાનો દુખાવો બની રહ્યો હતો. પરંતુ ૨૦૨૪ આવતા સુધીમાં જ્યારે તેને લોટ અને દાળના ભાવની ખબર પડી ત્યારે તેની વિચારસરણી બદલાઈ ગઈ અને તેણે આખી ટીમ ઈન્ડિયા સામે ઝેર ઉગાડવાનું બંધ કરી દીધું.

## ભારતીય વાયુસેનાએ ૫૫૦૦૦ ફૂટથી વધુની ઊંચાઈએ ચીનનાં જાસૂસી બલૂન જેવાં લક્ષ્યને તોડી પાડવાની ક્ષમતા સાબિત કરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ચીન સાથેનાં સરહદી વિવાદ વચ્ચે, ભારતીય વાયુસેનાએ તાજેતરમાં પૂર્વી મોરચે ૫૫૦૦૦ ફૂટથી વધુની ઊંચાઈએ ચીનનાં જાસૂસી બલૂન જેવાં લક્ષ્યને તોડી પાડવાની તેની ક્ષમતા સાબિત કરી છે.

૨૦૨૩ ની શરૂઆતમાં, યુ.એસ. સરકારે પાંચમી પેઢીના એફ-૨૨ રેપ્ટર ફાઈટર જેટનો ઉપયોગ સમુદ્રમાં ચાઈનીઝ જાસૂસી બલૂનને મારવા માટે કર્યો હતો. ભારતીય વાયુસેના ખૂબ જ ઉંચાઈએ ઉડતાં બલૂન દ્વારા ઉભા થતાં પડકારનો સામનો કરવાના મુદ્દા પર ચર્ચા કરી રહી હતી. ભારતે ગયાં વર્ષે યુએસ એરફોર્સ સાથે પણ આ મુદ્દે ચર્ચા કરી હતી.

સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાએ થોડાં મહિના પહેલાં પૂર્વીય વાયુ કમાન્ડના ક્ષેત્રમાં ચીનનાં જાસૂસ બલૂન જેવાં લક્ષ્યને તોડી પાડવા માટે રાફેલ ફાઈટર જેટનો ઉપયોગ કર્યો હતો. વાયુસેનાએ ચીનનાં જાસૂસ બલૂનની તુલનામાં કદમાં નાનાં બલૂનનો ઉપયોગ કર્યો હતો જેને યુએસ એરફોર્સે તોડી પાડ્યો હતો.

તેણે કહ્યું કે બલૂન કેટલાક પેલોડ સાથે હવામાં છોડવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ૫૫૦૦૦ ફૂટથી વધુની ઉંચાઈ પર ઈન્વેન્ટરી મિસાઈલનો ઉપયોગ કરીને તોડી પાડવામાં આવ્યો હતો.

એર ચીફ માર્શલ એપી સિંઘ, નાયબ ચીફ ઓફ ધ એર સ્ટાફ તરીકે સમગ્ર કામગીરીનો હવાલો સંભાળતાં હતાં ત્યારે ભારતીય વાયુસેનાએ તેની ક્ષમતા સાબિત કરી હતી. વર્તમાન ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ એર માર્શલ એસપી ધારકર, ઈસ્ટર્ન એર કમાન્ડર હતાં. તત્કાલીન ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ સુરત સિંઘ હવે ઈસ્ટર્ન એર કમાન્ડર છે.



૨૦૨૩ ની શરૂઆતમાં, યુએસ એર ફોર્સ એફ -૨૨ એ દક્ષિણ કેરોલિનાના દરિયાકિનારે એક ચાઈનીઝ જાસૂસ બલૂનને ઠાર કર્યો હતો જે ઘણાં દિવસોથી ઉત્તર અમેરિકામાં ફરતો હતો. ભારતનાં આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સમાન પ્રકારનો બલૂન જોવા મળ્યો હતો અને એવું માનવામાં આવે છે કે બલૂનનો ઉપયોગ મોટાં વિસ્તાર પર દેખરેખ માટે કરવામાં આવે છે.

જો કે, તે જોવાનાં ત્રણ-ચાર દિવસ સુધી તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ પછી તે જતો રહ્યો હતો. એવું પણ માનવામાં આવે છે કે ચાઈનીઝ જાસૂસી બલૂનમાં કોઈક પ્રકારની સ્ટીયરિંગ સિસ્ટમ હોય છે. તેનો ઉપયોગ તે બલુનને સ્થિર કરવા માટે થઈ શકે છે. ભવિષ્યમાં આવી ધમકીઓ સામે પગલાં લેવા માટે ફોર્સ તેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા પણ તૈયાર કરી રહ્યું છે.

## તાત્કાલીક ન્યાય આપી શકાય તેવી કોઈ જાદુઈ છડી અદાલતો પાસે નથી

### બંગાળમાં ૮ વર્ષની બાળા પર સંભવિત દુષ્કર્મ અને હત્યાની ઘટનામાં લોકઆક્રોશ સામે સંયમ રાખવા કોર્ટે સલાહ આપી

**મુખ્ય સમાચાર,કોલકતા**

દેશમાં બનતા દુષ્કર્મ અને તેના જેવી ધૃણાસ્પદ ઘટનાઓમાં આરોપીઓને તાત્કાલીક ફાંસીના માચડે ચડાવવા સહીતની માંગ સાથે વધતા જતાં જનઆક્રોશ સામે એક તરફ પોલીસદળ અને સરકાર પર દબાણ વધે છે અને ન્યાયતંત્ર સામે પણ ઝડપથી ન્યાયની આશા રખાય છે. તેની સામે રૂક-અર્થ જેવા વિધાનમાં કોલકતા હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તાત્કાલીક ન્યાય આપી શકાય તેવી કોઈ જાદુઈ છડી અદાલતો પાસે નથી.

પ.બંગાળનાં જોયનગરમાં બે દિવસ પૂર્વે નગુમથ થયેલી ધોરણ ૪ માં અભ્યાસ કરતી એક બાળાનો મૃતદેહ ખુબ જ ખરાબ હાલતમાં મળ્યો હતો તેની હત્યા કરવામાં આવી હતી અને સંભવીત દુષ્કર્મ પણ થયુ હોવાનું જણાયુ હતું. જેમાં સ્થાનિક લોકોએ આક્રોશ દર્શાવીને દેખાવ-ધરણા કરતાં અને તોડફોડ ચાલૂ કરતાં પોલીસને બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી.

પોલીસે એક ૧૯ વર્ષનાં સ્થાનીક યુવક મોસ્તકીન સરદારની આ કેસમાં હત્યાનાં આરોપમાં ધરપકડ કરી પણ દુષ્કર્મ અંગે મેડીકલ પુરાવા મેળવવા અને બાળાના કુટુંબીજનોની વાત મુજબ મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમ વિ.ની પ્રક્રિયામાં સ્થાનીક ટ્રાયલ કોર્ટે મંજુરી નહી આપતા હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને માંગ કરી કે સ્થાનીક કોર્ટનાં આદેશને રદ કરવામાં આવે.

હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ તિર્થકર ઘોષે રવિવારે ખાસ સુનાવણી રાખીને મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમમાં કોઈ સમસ્યા નહીં હોવાનું જણાવી મંજુરી આપી હતીર પણ પોલીસે આ કેસમાં પોકસોની કલમ ન ઉમેરી તેની ટીકા કરતા જણાવ્યુ છે ઈન્કવેસ્ટની તપાસના પુરાવામાં આ શકયતા દર્શાવાઈ છે. પોલીસે હવે ઓટોપ્સીની રાહ જોવી જોઈએ નહિં અને આરોપીને પોકસો હેઠળ ચલાવવા આદેશ આપ્યો હતો.



જોકે હાઈકોર્ટમાં બાળાના કુટુંબીજનોની માંગણી પર પ્રતિભાવ આપતા કહ્યું કે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સમક્ષ લોકો તાત્કાલીક ન્યાય ઝંખે છે તેઓ જેની અપરાધી માનતા હોય તેને અમો તુર્તજ શિક્ષા કરીએ તેવી ઈચ્છા હોય છે પણ અમારી પાસે તાત્કાલીક ન્યાયની કોઈ જાદુઈ છડી નથી. ન્યાય એ એક તબકકાવારની પ્રક્રિયા છે.


કોર્ટનું કામ તેની સમક્ષ રજુ થતા રેકોર્ડ પુરાવા વિ. પર આધારીત છે અને અરજદાર કે બચાવ કરનારા સાથે અદાલતની કોઈ વ્યકિતગત લીંક હોતી નથી તે સમજવુ જોઈએ. હાઈકોર્ટે બાદમાં પોલીસને પોકસો કલમ ઉમેરવા અને આરોપીને રેગ્યુલર નહી પોકસો કોર્ટમાં રજુ કરવા આદેશ આપ્યો હતો.

## રાયબરેલીના રઘુરાજસિંહ રેલવે સ્ટેશન પર ટ્રેન ઉથલાવવાનું ષડયંત્ર ઝડપાયું

**મુખ્ય સમાચાર,રાયબરેલી**

રાયબરેલીના ખીરોં પોલીસ સ્ટેશન વિસ્તારમાં રઘુરાજ સિંહ રેલવે સ્ટેશનના પૂર્વી ગેટ પર રવિવારે રાત્રે લગભગ ૮ વાગ્યે રેલવે ટ્રેક પર માટીનો ઢગલો પડ્યો હતો. તે નસીબદાર હતું કે રાયબરેલી-રઘુરાજ સિંહ પેસેન્જર ટ્રેનનાં લોકો પાઈલટને માટીનાં ઢગલા પર નજર પડી હતી. જેનાં કારણે ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને ટ્રેન પાટા પરથી ઉતરતાં બચી હતી. લગભગ ૨૦ મિનિટ બાદ ટ્રેન રવાનાં કરવામાં આવી હતી.

રવિવારે રાત્રે ટ્રેન નંબર ૦૫૨૫૧ રાયબરેલી-રઘુરાજ સિંહ પેસેન્જર લગભગ ૮:૦૩ વાગ્યે રઘુરાજ સિંહ રેલવે સ્ટેશન પર આવી રહી હતી. જેવી ટ્રેન રેલ્વે ફાટક પાસે પહોંચી કે



તરત જ લોકો પાયલટ સંજીવ કુમાર અને સહાયક લોકો પાયલટ સૌરભ કુમાર સિંહે રેલ્વે ટ્રેકની વચ્ચે માટીનો મોટો ઢગલો જોયો હતો. પાયલોટે તરત જ ટ્રેન રોકી અને રઘુરાજ સિંહ રેલ્વે સ્ટેશનના આસિસ્ટન્ટ સ્ટેશન માસ્ટર અખિલેશ કુમારને ઘટના વિશે જાણ કરી હતી.

ટ્રેક પર માટીનાં ઢગલા હોવાની માહિતી મળતાં ગભરાટ ફેલાયો હતો. જેનાં પર રેલ્વે કર્મચારીઓએ સ્થળ પર પહોંચીને ટ્રેક પરથી માટી હટાવી હતી. લગભગ ૨૦ મિનિટ પછી ૦૮:૨૨ વાગ્યે ટ્રેનને ફાટકમાંથી પસાર કરીને રઘુરાજ સિંહ સ્ટેશન લઈ જવામાં આવી હતી.

## કરાંચી એરપોર્ટ પાસે આત્મઘાતી હુમલામાં ૪ ચીની નાગરિકોના મોત

### બોમ્બ વિસ્ફોટમાં ૧૭થી વધુ પાક. નાગરિકો ઘાયલ : હુમલાની જવાબદારી બલુચ લિબરેશન આર્મીએ સ્વીકારી: ચીનની તાકીદે કાર્યવાહીની માંગ

**મુખ્ય સમાચાર,કરાંચી**

આ અંગેની વિગત મુજબ પાકિસ્તાનના કરાંચી એરપોર્ટ પાસે ગઈકાલે રવિવારે રાત્રે એક ભીષણ બોમ્બ વિસ્ફોટમાં ૪ ચીની નાગરિકના મોત થયા છે જયારે ૧૭ લોકો ઘાયલ થયા છે.

આ હુમલાની બીએલએ - બલુચ લિબરેશન આર્મીએ જવાબદારી લીધી છે. બોમ્બ વિસ્ફોટ બાદ અનેક કારોમાં આગ લાગી હતી. ચીની દુતાવાસે ઘટનાની જાણકારી મેળવી હતી.

પાકિસ્તાનના કરાચી એરપોર્ટ નજીક રવિવારે રાત્રે એક મોટો હુમલો કરાયો. અહીં પોર્ટ કાસિમ ઈલેક્ટ્રિક પાવર કંપની (પ્રાઈવેટ) લિમિટેડના ચીનના કર્મચારીઓને લઈ જતા કાફલા પર હુમલો થતાં બે ચીની નાગરિકોના મૃત્યુથી હડકંપ મચી ગયો છે. આ સાથે અનેક પાકિસ્તાની નાગરિકો પણ ઘાયલ થયા હતા.

ચીનના દૂતાવાસના નિવેદન અનુસાર પાકિસ્તાનમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલે હુમલાની સખત નિંદા કરી હતી અને બંને દેશોના નિર્દોષ પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો અને તેમના પરિવારો પ્રત્યે ભારે દુઃખ વ્યક્ત કર્યું હતું.



બીજી બાજુ ચીન તરફથી આ મામલે તાત્કાલિક તપાસ અને કાર્યવાહીની માગ સાથે ગુનેગારોને સખત સજા તથા પાકિસ્તાનમાં ચીની નાગરિકો, સંસ્થાઓ અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવાની માગ કરવામાં આવી હતી.અહેવાલ અનુસાર આ બ્લાસ્ટમાં લોકો ઘાયલ થયા હતા.

## વચેટીયાઓને કારણે ખાદ્યચીજો મોંઘી બની છે: રિઝર્વ બેંકના રિપોર્ટમાં દાવો

### વેચાણ ભાવમાં ખેડુતોને માત્ર ત્રીજા ભાગનો હિસ્સો મળે છે બાકીનો નફો દલાલ તથા હોલસેલ - રીટેઈલ વેપારી આંચકી જાય છે

**મુખ્ય સમાચાર,મુંબઈ**

દેશમાં ફૂગાવો કાબુમાં હોવાના દાવા કરીને ખાદ્યચીજોના ઉંચા ભાવ મામલે ઉહાપોહ યથાવત જ છે. જયારે રિઝર્વ બેન્કનાં રીપોર્ટમાં એવો ઘટસ્ફોટ થયો છે કે વચેટીયાઓને કારણે ખાદ્યચીજો મોંઘી રહે છે.રીટેઈલ માર્કેટમાં શાકભાજી અને ફ્રુટ જે ભાવે વેંચાય છે તેના ત્રીજા ભાગનો ભાવ છે ખેડુતોને મળે છે.

બાકીનો બે તૃતિયાંશ ભાવ હોલસેલર તથા રીટેઈલરો જ ઓળવી જાય છે ડેરી જેવા ક્ષેત્રોમાં ૭૦ ટકા ભાવ ખેડૂતોને મળે છે તેનાથી તદન વિપરીત હાલત ફ્રુટ અને શાકભાજીમાં છે.

રિઝર્વ બેન્કના રિસર્ચ પેપરમાં દર્શાવાયા પ્રમારે ટમેટા, ડુંગળી અને બટેટામાં હવામાન મોટો ભાગ ભજવતુ હોવાથી વર્ષમાં બે વખત ગ્રાહકોમાં ઉહાપોહ સર્જાય છે આમા પણ ખેડુતોને કોઈ ફાયદો થતો નથી ટમેટાનાં રીટેઈલ વેચાણ ભાવમાં ખેડુતને માત્ર ૩૩ ટકા, ડુંગળીમાં ૩૬ ટકા તથા બટેટામાં ૩૭ ટકા મળે છે આજ રીતે કેળામાં ખેડુતોને ૩૧ ટકા, દ્રાક્ષમાં ૩૫ ટકા તથા કેરીમાં ૪૩ ટકા મળે છે.નિકાસ ક્ષેત્રે કેરીની માત્રા વધી રહી છે.જયારે દ્રાક્ષનું પ્રમાણ ઘટી રહ્યું છે. રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ખેડૂત માલ વેચે ત્યારે હરરાજીમાં તે લેનાર વેપાર ૧૬ થી ૨૬ ટકાથી કમાણી કરે છે.ત્યારબાદ જથ્થાબંધ વેપારી ૧૬ થી ૨૫ ટકા નફો મેળવે છે અને છેવટે



રીટેઈલ વેપારી ૧૩ થી ૩૦ ટકા સુધીનો નફો કરે છે.

રિઝર્વ બેન્કનાં રીપોર્ટમાં ભાવ વધારાની આગોતરી આગાહી તથા પ્રવર્તમાન બિઝનેસ સીસ્ટમ સુધારવા માટે પણ અનેક ભલામણ કરવામાં આવી છે. ખાનગી મંડીને પ્રોત્સાહન આપવા, ઓનલાઈન સીસ્ટમ વિસ્તારવા, સહકારી જુથ મંડળીને પ્રોત્સાહન તથા વાયદા શરૂ કરવા સુચવ્યુ છે. આ સિવાય કોલ્ડ-સ્ટોરેજ સોલાર પાવર આધારીત સ્ટોરેજ સુવિધા, પ્રોસેસીંગ કેપેસીટી વધારવા સહીતની ભલામણો છે. ઉત્પાદન વદારા માટે નવી વેરાઈટી વિકસાવવા પણ સુચવ્યુ છે.

# ઉપલેટામાં લાખોના ખર્ચે બનાવાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાનો રનિંગ ટ્રેક અને ગ્રાઉન્ડ ખંડેર

## નગરપાલિકા તંત્ર જાળવણી કરવામાં નિષ્ફળ હોવાની ફરિયાદો સાથે ઉમેદવારો અને સ્થાનિકોમાં રોષ

**મુખ્ય સમાચાર,ઉપલેટા**

ઉપલેટા શહેરમાં નગરપાલિકા દ્વારા બનાવાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાના રનિંગ ટ્રેકને સમકક્ષ ૪૦૦ મીટરનો એક રનિંગ ટ્રેક બનાવાયેલ છે જે રનિંગ ટ્રેકનું કામ પૂર્ણ થયા બાદ વર્ષ ૨૦૧૯ માં તેમનું કેબિનેટ મંત્રી, સાંસદ સભ્ય, ધારાસભ્ય સહિતનાઓનું ઉપસ્થિતિમાં તેમના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ થયેલા અને લાખો રૂપિયાના ખર્ચે બનાવેલ રનીંગ ટ્રેકમાં છેલ્લા ઘણા સમયથી કોઈપણ પ્રકારની જાળવણીનો અભાવ ન થતો હોવાને કારણે આ રનીંગ ટ્રેક દિવસેને દિવસે ખરાબ અને ખંઢેર હાલતમાં થઈ રહ્યો છે ત્યારે આ ખરાબ થયેલા રનિંગ ટ્રેકને લઈને અહીં આવતા અને પરીક્ષાની ફીઝીકલ તૈયારીઓ કરતા ઉમેદવારો છેલ્લા ઘણા સમયથી તકલીફો વેઠી રહ્યા હોવાનું અને તંત્રની ઢીલાસથી ખુબ જ નારાઝ હોવાનું સામે આવ્યું છે.

ઉપલેટા નગરપાલિકા દ્વારા બનાવાયેલ આ રનીંગ ટ્રેકની જાળવણી માટેના જવાબદાર તંત્ર આ ખરાબ થયેલા અને જાળવણી ન કરતા તંત્રથી ખુબ નારાઝ અને રોષે ભરાયા હોવાનું સામે આવ્યું છે ત્યારે અંગે યોગ્ય કાર્યવાહી અને કામગીરી કરી યોગ્ય રીતે જાળવણી કરવાની માંગ કરી રહ્યા છે. કારણ કે અહીં આવતા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો અહીંયાથી પ્રશિક્ષણ લઈને પોતાની ફિઝિકલ તૈયારીઓ અને ફિટનેસ માટેની તૈયારીઓ કરતા હોય છે જેથી આ ખરાબ થયેલા અને જાળવણીના અભાવે ખંઢેર બની રહેલા ગ્રાઉન્ડ અને રનિંગ ટ્રેકને જવાબદાર તંત્ર દ્વારા સાર સંભાળ લઈ પુનઃસ્થાપિત યોગ્ય રીતે કરવામાં આવે તેવી માંગ કરી છે. ઉપલેટા શહેરમાં આવેલું આ ગ્રાઉન્ડ અને રનીંગ ટ્રેક કે જે ૪૦૦ મીટરનો છે તે માટે ઉમેદવારો વહેલી સવારે ચાર વાગ્યાથી પોતાની પ્રશિક્ષણ માટેની તૈયારીઓ માટે દોડવા અને ફિઝિકલ ફિટનેસ માટે આવે છે ત્યારે અહીંયા રોજના અંદાજે ૧૫૦ થી ૨૦૦ જેટલા ઉમેદવારો હાલ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમ કે આર્મી,



ફોરેસ્ટ અને પોલીસ વિભાગની પરીક્ષા માટે ફિઝિકલ તૈયારીઓ કરે છે ત્યારે આ રસ્તા ઉપર લાઈટની પણ વ્યવસ્થા નથી અને સાથે જ જાળવણીના અભાવે અહીંયા કાદવ, કીચડ ઉદભવી રહ્યું છે ત્યારે અહીંયા લાખો રૂપિયાના ખર્ચે બનાવેલ અને આસપાસના શહેરને તાલુકા જિલ્લા વિસ્તારના ઉમેદવારો માટેનું એકમાત્ર આ ગ્રાઉન્ડ અને રનીંગ ટ્રેક જવાબદાર તંત્રની અનઆવડત અને કાળજીના અભાવે ખંઢેર થઈ રહ્યું છે.

# ઉનાના અઈ ગ્રુપ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી પ્રાચીન ગરબીમાં ૯ દિવસ માતાની આરાધના કરાઈ છે



રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના

ઉના પંથકમાં નવરાત્રી ચાલી રહી છે જેમાં શહેરમાં આવેલ અઈ ગ્રુપ આયોજિત ગરબી મંડળ છેલ્લા ૨૫ વર્ષ કરતા પણ વધુ વર્ષોથી આ ગરબીનું ભવ્ય આયોજન કરવામાં આવે છે આ ગરબી મંડળની વિશેષતા એ છે આ ગરબી મંડળ મહિલા સંચાલિત હોવાને કારણે અહીં ભીડ મોટી સંખ્યામાં ઉમટી પડે છે જેમાં જુનાગઢ જિલ્લા ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણીયા તેમજ મનોજભાઈ બાંભણીયા મહેક ભાઈ બાંભણીયા તેમજ તેમના પરિવારના સહયોગથી મિત્ર મંડળના સહયોગથી ગરબી મંડળ નું ભવ્ય આયોજન થાય છે ત્યારે ગુજરાતી પીચર ના હીરો તેમજ હીન્દી પીચર ના હીરો તેમજ કલાકારો આ ગરબી મંડળની મુલાકાત લે છે જેને જોવા મોટી સંખ્યામાં લોકો અહીં આવે છે બહેનો પણ મોટી સંખ્યામાં રાસ ગરબા રમે છે અંતે ગરબી પૂર્ણ થયા બાદ નાસ્તાની પણ વ્યવસ્થા પણ કરવામાં આવે છે અને બહેનોને પણ ઈનામનું વિતરણ પણ અહીં થાય છે કપલ રાસ ગરબાનું પણ અહીં ભવ્ય આયોજન કરવામાં આવે છે અને નવે નવ દિવસ માતાજીની આરાધના કરી અને આ ઉત્સવ ઉજવવામાં આવે છે.


# મોરબીમાં મકાન,ગોલ્ડ,પર્સનલ લોનના નામે આરબીઆઈના નિયત કરેલ નિયમોનો ઉલાળ્યો કરતી ફાયનાન્સ કંપનીઓ-બેંકો સામે તપાસની માંગણી કરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખે વધુ એકવાર લેભાગુ ફાયનાન્સ કંપનીઓ-બેંકો સામે ત્વરિત તપાસની માંગણી સાથે આરબીઆઈ ગવર્નરને લેખિત રજુઆત કરી

મોરબીમાં હાલ ખાનગી ફાયનાન્સ કંપની-બેંકોનો જાણે રાફડો ફાટ્યો હોય તેમ ચોકે ચોકે કેટલીયે ફાયનાન્સ કંપની-બેંકો શરૂ થઈ છે જેમાં મકાન લોન, ગોલ્ડ લોન, પર્સનલ લોન, ધંધા માટેની લોન જેવી વિવિધ પ્રકારની લોન આપવામાં આવતી હોય છે. પરંતુ ઉપરોક્ત ફાયનાન્સ કંપનીઓ-બેંકો આરબીઆઈ દ્વારા નક્કી કરેલ વ્યાજ તથા નિયત કરેલ નિયમો કરતા વિરુદ્ધ નીતિથી ચાલીને ગ્રાહકો સાથે એક પ્રકારની સરેઆમ છેતરપિંડી કરતા હોય છે. જે તમામ બાબતે સંપૂર્ણ વિગતો સહિત મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા આરબીઆઈ ગવર્નરને લેખિત રજુઆત કરી બિન અધિકૃત રીતે ચાલતી તમામ ફાયનાન્સ કંપનીઓ-બેંકો સામે ખાતાકીય તપાસની માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી ગ્રાહક સુરાજશ મંડળના પ્રમુખ દ્વારા કરવાના આવેલ લેખિત રજુઆતમાં જણાવવામાં આવ્યુ કે મોરબીમાં ઘણી ફાયનાન્સ કંપનીઓ-બેંકોની ઓફિસ મોરબીમાં હાલ કાર્યરત છે. જે ગ્રાહકોને મકાન લોન, ગોલ્ડ લોન તથા ધંધા માટે કે અન્ય ઘણી રીતે લોન આપે છે, પરંતુ આ લોનનું વ્યાજ રીઝર્વ બેંક દ્વારા નકકી કરેલ કરતા વધારે ઉંચું લેવામાં આવે છે. આ સિવાય ચેક રીર્ટન થાય તો ૫૦૦ (પાંચસો) રૂપિયા પેનલટી, એક હપ્તો રહી જાય તો મન માનીતુ વ્યાજ લઈ લે છે તેમજ ગ્રાહકને જાણ કર્યા વગર સોના ઉપર લોન લીધી હોય તો તે સોનાને ગાળી નાખવુ, ત્રણ



હપ્તા ચડી જાય તો ગાડી ખેંચી જાય અને ગ્રાહકની જાણ બહાર ગાડી વહેંચી નાખવી, ત્રણ હપ્તા ચડી જાય તો માત્ર પાંચ લાખની લોન સામે પચ્ચીસ લાખના મકાનને શીલ મારી દે છે આવી ઘણી રીતે ગ્રાહકોને ત્રાસ સાથે માનસીક પીડા ભોગવવી પડે છે. બીજીબાજુ લોનના હપ્તા ચડી જાય તો અમુક ફાયનાન્સ કંપની-બેંકો કડકાઈથી હપ્તાની ઉઘરાણી કરે છે ત્યારે આવી પરિસ્થિતિમાં ગ્રાહક જાય કયાં ? કેમ કે ફાયનાન્સ કંપનીની હેડ ઓફિસ ચેનાઈ, કોલકતા, બેંગલોર, તથા અન્ય રાજયોમાં હોય છે, તેની સામે જો કાનુની કાર્યવાહી કરવી હોય તો જે તે રાજયની જયુડીસીયલ અધિકાર થઈ જાય છે. રીઝર્વ બેંક તરફથી આવા અધિકારો આપવામાં આવેલ છે કે જેથી ગ્રાહકને ત્રાસ પીડા કે આપઘાત તરફ જવાની ફરજ પડે.ત્યારે ઉપરોક્ત બાબતે દરેક ફાયનાન્સ કે બેંક કે શ્રોફ કંપની બહાર બોર્ડમાં વ્યાજનો દર અને વિગત લખવી જોઈએ. આ ઉપરાંત ગ્રાહકને લોનના કાગળો આપવા જોઈએ જેથી ગ્રાહકને પૈસા ભરવાની માહીતી મળે, તેમજ આ બાબતે પોલીસ ડીપાર્ટમેન્ટ દ્વારા પણ આવી ફાયનાન્સ કંપનીઓ-બેંકો નિયત કરેલ નિયમો પ્રમાણે ચાલે છે કે નહી તેની તપાસ કરવી જોઈયે અને જો કોઈ બીનઅધિકૃત રીતે ચાલતી ફાયનાન્સ કંપનીઓ-બેંકો પકડાય તો તેને બ્લેક લીસ્ટમાં મુકવી તેવી માંગણી સાથે લેખિત રજુઆત કરી હતી.

# મોરબીમાં વિવિધ હિન્દૂ સંગઠનો દ્વારા ગૌમાતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરવામાં આવે તેવી માંગણી સાથે સાંસદને આવેદન પાઠવ્યું

## ચારેય પીઠના શંકારચાર્યો દ્વારા ગૌમાતાને રાષ્ટ્રમાતા પ્રતિષ્ઠિત કરવા એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ગઈકાલે તા. ૦૬/૧૦ના રોજ સર્વે સનાતન હિન્દૂ સંગઠનો દ્વારા સર્કિટ હાઉસ ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગૌમાતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરવામાં આવે તે માટે ચારેય પીઠના શંકરાચાર્યોના નેતૃત્વ હેઠળ એક અભિયાન ચલાવવામાં આવ્યું છે. તે અંતર્ગત ભારત સરકાર ગૌમાતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરે અને આપણા દેશમાં ગૌવંશ હત્યા પ્રતિબંધિત બિલ સંસદમાં રાખી આ માટેનો વહેલી તકે કાયદો બનાવવાની માંગણી સાથે મોરબી-કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડાને મોરબીના વિવિધ હિન્દૂ સંગઠનો તથા ગૌભક્તો દ્વારા આવેદન પાઠવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યોતિર્મઠ(બદરી-કેદાર)નાં શંકરાચાર્યજી સ્વામી શ્રી અવિમુકેશ્વરાનંદજી ૩૩ દિવસમાં ૩૩ રાજ્યો ગૌમાતા રાષ્ટ્રમાતા બને તે માટે હિન્દુ જાગૃતિ માટે યાત્રા કરી રહ્યા છે. આ યાત્રા ૧૬ ઓક્ટો.નાં રોજ અમદાવાદ આવી રહી છે. તો આ યાત્રામાં સૌ હિન્દુ ધર્મપ્રેમી જનતા તન, મન, ધન થી જોડાઈ તે માટે સૌરાષ્ટ્ર પ્રભારી દ્વારા આહવાન કરવામાં આવ્યુ છે.

મોરબીના વિવિધ હિન્દૂ સંગઠનો દ્વારા સાંસદ વિનોદભાઈ ચાવડાને પાઠવવામાં આવેલ આવેદનમાં જણાવ્યુ છે કે ભારતમાં બહુમતી હિન્દુ ધર્માવલંબીઓ ગૌમાતાને ધાર્મિક આસ્થાનું પ્રતીક માને છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ વગેરે તમામ ધર્મશાસ્ત્રો ગાયને પશુ ગણવા માટે ના પાડે છે. આમ છતાં ભારત સરકારે ગૌમાતાને પશુની શ્રેણીમાં ગણી આ બાબતને બંધારણની કલમ ૪૮ હેઠળ રાજ્ય સરકાર વિષય બનાવેલ છે. વસ્તુતઃ આ ધાર્મિક આસ્થાનો મામલો હોઈ એને બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ સમાવેશ કરી કેન્દ્ર સરકારના વિષયમાં સમાવેશ



કરવો અને સંપૂણ ભારતમાં ગોવંશ હત્યાં પ્રતિબંધિત કાનૂન બનાવી ગૌમાતાને પશુ શ્રેણીમાંથી હટાવીને ગૌમાતાને રાષ્ટ્રમાતાના પદ ઉપર પ્રતિષ્ઠિત કરવામાં આવે.

ગત ૦૨ ઓગસ્ટ થી ૬ ઓગસ્ટ સુધી જગદગુરુ શંકરાચાર્યજીની અધ્યક્ષતા ગૌસંસદ દિલ્હી ખાતે મળેલી બેઠકમાં આ અંગે રામાગો પ્રતિસ્થા સંહિતા વિધેયક પારીત કરેલ છે. ત્યારે આપની પાસે આપની સંસદીય મતવિસ્તાર ની હિન્દુ જનતાની માંગણી છે કે, આપ આ વિધેયક બિલ ભારતની સંસદમાં પારીત કરી કાયદો બનાવવા સંપૂણ પ્રયત્ન કરી જેમ મહારાષ્ટ્ર સરકારે ગૌમાતાને રાજ્યમતાનો દરજ્જો આપી ઘોષણા કરી તેમ ગુજરાત સરકાર પણ ગૌમાતાને રાજ્ય માતા ઘોષિત કરે તેવી અપીલ કરી આ પૂણ્ય કાર્યમાં સહભાગી બનવા જણાવવામાં આવ્યું છે.

# જસદણમાં ઘેલા સોમનાથ મંદિરના ૧૪ નવનિયુકત ટ્રસ્ટીઓનું સન્માન કરાયું

**મુખ્ય સમાચાર,જસદણ**

જસદણ નજીકના વિખ્યાત તીર્થધામ શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના ૧૪ નવનિયુક્ત ટ્રસ્ટીઓનું જસદણના વિંછીયા રોડ પર આવેલ સોમનાથ કોટેક્ષ ખાતે જસદણના ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય સરકારના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે અભૂતપૂર્વ અને ઐતિહાસિક સન્માન કરી આવકારવામાં આવ્યા હતા. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા જસદણ નજીકના શ્રી ઘેલા સોમનાથ મંદિરમાં ભાવિકોને વધું લાભ મળે તે હેતુથી સમાજના જુદાં-જુદાં સેવાભાવી શ્રેષ્ઠીઓની એક સમિતીની નિમણુંક કરવામાં આવી હતી. ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના ઈતિહાસને ધ્યાને લઈ દેશભરમાંથી આવનાર શ્રદ્ધાળુઓને પુરતી સુવિધા મળી રહે અને કોઈ હાલાકી ન વેઠવી પડે તે માટે કરોડો રૂપિયાના ખર્ચે વિશેષ સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. જેમાં પાણીથી લઈ આરોગ્ય સુધીની સુવિધા ભાવિકજનો માટે ઉપલબ્ધ બનાવવામાં આવી છે. ત્યારે



આ સમિતિના ટ્રસ્ટી અને જસદણ રાજગોર બ્રાહ્મણ સમાજના અગ્રણી રાજુભાઈ જોષી અને ગૌરવભાઈ જોષી સહિતના જોષી પરિવારના આગેવાનો તેમજ રાજ્યના કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના ૧૪ નવનિયુક્ત ટ્રસ્ટીઓનું અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે વિંછીયા નજીકના ધારેશ્વર મહાદેવ મંદિરના મહંત કનૈયાગીરીબાપુ, જસદણ મારૂતિધામ આશ્રમના મહંત છાસીયાબાપુ સહિતના સંતો-મહંતો, તેમજ જસદણ માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર પ્રેમજીભાઈ રાજપરા તેમજ અશોકભાઈ ચાવ તેમજ જીનીંગના વેપારી ભાઈઓ જસદણ શહેરના આગેવાનો નાના મોટા વેપારીઓ રાજકીય આગેવાનો અને વિંછીયાના મામલતદાર, વિવિધ સમાજના આગેવાનો, વિવિધ ક્ષેત્રના આગેવાનો પત્રકાર મિત્રો સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**તસવીરઃ. બિજલ ભેસજાળીયા જસદણ**

# જામનગરમાં સ્વસ્તિક આકારના અગ્નિ વચ્ચે યુવાનો રાસ રમ્યા



જામનગરના કડિયા પ્લોટ વિસ્તારમાં થતો 'સ્વસ્તિક રાસ' વિશ્વવિખ્યાત છે. જામનગર શહેરના કડિયા પ્લોટ વિસ્તારમાં શ્રી રાંદલ અંબિકા કુમારિકા ગરબી દ્વારા છેલ્લા ૫ દાયકાથી ગરબીનું આયોજન કરાય છે જેમાં અનેક પ્રાચીન રાસ રમાડવામાં આવે છે. જેમાં સ્વસ્તિક રાસ વિશ્વવિખ્યાત બન્યો છે. જેમાં સ્વસ્તિક આકારમાં આગની વચ્ચે યુવાનો એક તાલે ખુલ્લા પગે રાસ રમે છે. આ રાસ માટે ૨૦ યુવાનો એક માસથી મહેનત કરતા હોય છે. આ સ્વસ્તિક રાસ જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવે છે.

# રાજસ્થાનમાં ચોરી વિશ્વાસઘાતના ગુનામાં સંડોવાયેલ આરોપીને મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડે દબોચી લીધો



મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રાજસ્થાન રાજ્યના ડુંગરપુર જીલ્લાના બીછીવાડા પોલીસ મથકમાં નોંધાયેલ ચોરી/વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા દશેક માસથી નાસતો ફરતો મૂળ મોરબીના આરોપીને ઝડપી લઈ આગળની ધોરણસરની કાર્યવાહી માટે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે. મોરબી પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઈ વિક્રમસિંહ બોરાણા તથા હેડ કોન્સ.બળદેવભાઈ વનાણીને ખાનગીરાહે હકિકત મળેલ કે રાજસ્થાન રાજ્યના ડુંગરપુર જીલ્લાના બીછીવાડા પોલીસ મથકમાં નોંધાયેલ ચોરી તથા વિશ્વાસઘાતના ગુનાના સંડોવાયેલ આરોપી મકબુલ હમીદભાઈ લતીફભાઈ રહે. મોરબી મેમણ શેરીવાળો હાલ મોરબી વીસી ફાટક પાસે ઉભેલ હોય તેવી ચોકકસ બાતમી મળતા જે હકિકત આધારે તપાસ કરવામાં આવી હતી. ત્યારે ઉપરોકત ગુનામાં છેલ્લા દસ માસથી નાસતો ફરતો આરોપી મકબુલ હમીદભાઈ લતીફભાઈ રહે.મોરબી ગ્રીનચોક કુબેરનાથ રોડ મેમણ શેરીવાળો મળી આવતા તેને હસ્તગત કરી મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ કચેરી ખાતે લાવી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે સોંપવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ પોલીસે ડુંગરપુર ગામે બે દરોડા પાડી ૬૦૦ લીટર આથો તથા ૨૧ લીટર દેશીદારૂનો જથ્થો પકડી લેવાયો,બે આરોપીઓની શોધખોળ



હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે તાલુકાના ડુંગરપુર ગામે રેઈડ કરી ૬૦૦ લીટર દેશીદારૂ બનાવવાનો આથો તથા ૨૧ લીટર દેશીદારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. આ સાથે આ ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં સંડોવાયેલ બે આરોપીઓ સામે ગુનો દાખલ કરી બંને આરોપીઓની શોધખોળ આદરી હતી. હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી.વ્યાસ દ્વારા પ્રોહીબીશનની ડ્રાઈવ અંગે કરેલ કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ ડિ સ્ટાફની ટીમના એ.એસ.આઇ. એ.એન.સિસોદીયા સહિત પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે હળવદ તાલુકાના ડુંગરપુર ગામની સીમમાં બે અલગ અલગ જગ્યાએથી દેશી પિવાનો દારુ બનાવવાનો આથો કુલ લીટર- ૬૦૦ કિં.રૂ.૧૫૦૦૦/- તથા દેશીદારુ ૨૧ લીટર જેની કિ.રૂ. ૪૨૦૦ એમ કુલ કિ.રૂ.૧૯,૨૦૦/-નો મુદામાલ મળી આવ્યો હતો. આ સાથે આ ગુનાના આરોપી ગેલાભાઈ ભાવેશભાઈ કોળી રહે. ડુંગરપુર ગામ તા.હળવદ તથા પ્રકાશભાઈ ભુપતભાઈ કોળી રહે. ડુંગરપુર ગામ તા.હળવદવાળા વિરુધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ અલગ અલગ ગુન્હો રજી. કરી બંનેને ફરાર દર્શાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં પાંચ વર્ષથી લૂંટના ગુનામાં વોન્ટેડ આરોપીને ઉત્તરપ્રદેશથી દબોચી લેવાયો




વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ લૂંટના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને ટેક્નિકલ માધ્યમની મદદથી ઉતરપ્રદેશ રાજયમાંથી પકડી લઈ વાંકાનેર સીટી પોલીસ મથક ખાતે લાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, આ સાથે લૂંટના ગુનામાં સંડોવાયેલ હજુ બે આરોપીઓને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ સૂચના અંતર્ગત જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી લેવા ત્વરિત કામગીરી ચલાવી જે અનુસંધાને વાંકાનેર સીટી પોલીસ મથકના પીઆઈ એચ.વી.ઘેલાના માર્ગદર્શન હેઠળ એક ટીમ બનાવી વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાયેલ લૂંટના ગુનામાં પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપી અરૂણ ઉર્ફે તુફાન ઉર્ફે વિજય બહાદુર બલેન્દ્રભુષણ યાદવ ઉવ.૩૦ રહે.ગામ- દેવાપુર સફલી જી.પ્રતાપગઢ(યુપી)વાળાને ટેક્નિકલ માધ્યમથી વર્કઆઉટ કરી ઉતરપ્રદેશ રાજયમાંથી પકડીને હસ્તગત કરી વાંકાનેર સીટી પોલીસ મથક ખાતે લાવવામાં આવી તેની વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ સાથે અન્ય નાસતા ફરતા આરોપીઓ નિતેષ બ્રીજરાજ શુકલા રહે.થાણા- જેઠવારા જી- પ્રતાપગઢ યુ.પી. તથા ભીમેશ રામસુમેર સરોજ રહે.કુશાહી(નેવાડી) ગ્રામ, થાણા- જેઠવારા જી.પ્રતાપગઢ (યુ.પી.)વાળાને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.

# જામનગરના યુવા પત્રકાર મહેશ વાઘેલાનો આજે જન્મદિવસ



જામનગરના યુવા પત્રકાર મહેશભાઈ વાઘેલાનો આજે જન્મદિવસ છે. મહેશભાઈ વાઘેલા સામાજિક પ્રવૃત્તિ અને હોસ્પિટલમાં લોકોની સેવા માટે સતત પ્રયત્ન કરતા રહ્યા છે.અને સમાજ ના યુવા વર્ગ માં ખુબજ લોક ચાહના ધરાવે છે. મહેશભાઈ વાઘેલા પોતાના મીડિયા ક્ષેત્રે પણ સારી નામના ધરાવે છે આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમને પત્રકાર મિત્રો , સગા સબંધીઓ, તથા મિત્રો દ્વારા તેમના મો . ૮૦૦૦૮૦૪૪૮૦ પર શુભેચ્છાઓનો ધોધ વર્ષિ રહ્યો છે.

# મોરબીના પાટીદાર નવરાત્રી મહોત્સવમાં અજય લોરીયા દ્વારા સાત શહીદ પરિવારોને એક એક લાખનો ચેક અર્પણ કરાયો



મોરબીમાં ૫ સેવા એજ સંપત્તિથ ફાઉન્ડેશન આયોજિત પાટીદાર નવરાત્રીમાં નવે - નવ દિવસ શહીદ પરિવારોને બોલાવી તેમને એક - એક લાખનો ચેક અર્પણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ત્રણ નોરતા માં અજય લોરીયા અને મહેમાનોના હસ્તે (૧) વિજયકુમાર (૨) ચંદ્રશેખર -તેલંગાણા (૩)જીતેન્દ્રકુમાર-શિહોર(મ.પ્રદેશ) (૪) પ્રમોદકુમાર -આરા,બિહાર (૫) સંજય બિષ્ટ-નૈનિતાલ,ઉત્તરાખંડ (૬)શુભમ ગુપ્તા-આગ્રા,યુ.પી (૭) અબ્દુલ માજિદ-જમ્મુ કશ્મીર શહીદ જવાનોના પરિવારોને સન્માન કરીને ૧-૧ લાખ ની આર્થિક સહાય કરીને માં ભારતીનું ઋણ ચૂકવ્યાનુ અજય લોરીયાએ જણાવ્યું હતું.

# મોરબી રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા નવરાત્રીના પાવનપર્વ નિમિતે બાલીકાઓનું પૂજન કરાયું





આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ની સંલગ્ન સંસ્થા રાષ્ટ્રીય બજરંગ દળ-મોરબી દ્વારા શક્તિ ના આરાધના ના પાવન પર્વ નવરાત્રી દરમિયાન પ્રતિવર્ષ કન્યા પૂજન કાર્યક્રમ નું આયોજન કરવા માં આવે છે ત્યારે પ્રવર્તમાન વર્ષે રાષ્ટ્રીય બજરંગ દળ-મોરબી જીલ્લા ના અધ્યક્ષ નેવિલભાઈ પંડીત ના નિવાસ સ્થાન પ્રમુખ હાઈટ્સ ખાતે કન્યા પૂજન નું આયોજન કરવા માં આવ્યુ હતુ. આ તકે રાષ્ટ્રીય બજરંગ દળ મોરબી જીલ્લા ના અધ્યક્ષ નેવિલભાઈ પંડિત, ઉપાધ્યક્ષ લખનભાઈ કક્કડ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ મોરબી શહેર અધ્યક્ષ ભાવીનભાઈ ઘેલાણી , મંત્રી નિર્મિતભાઈ કક્કડ સહીત ના સંસ્થા ના અગ્રણીઓ દ્વારા કન્યાઓને ભાવતા ભોજન પીરસી તેમનુ પૂજન કર્યુ હતું. તે ઉપરાંત દરેક બાળાઓને ભેટ અર્પણ કરવામાં આવી હતી.

# બજરંગ ગરબી મંડળની સળગતી ઈંઢોણીનો રાસ બન્યો આકર્ષણનું કેન્દ્ર







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં મવડી પાસે શ્રી બજરંગ ગરબી મંડળનું આયોજન થાય છે. આ ગરબીનો સળગતી ઈંઢોણીનો રાસ આખા રાજ્યભરમાં વખણાય છે. ૧૨થી ૧૬ વર્ષની દીકરીઓના હાથમાં મશાલ, માથે સળગતી ઈંઢોણી તેની માથે ગરબો અને તેની માથે ઈંઢોણી રાખીને રાસ રમે છે. જ્યારે દીકરીઓ આ રાસ રમે છે ત્યારે તે સાક્ષાત જગદંબાનું જ સ્વરૂપ લાગે છે.આ રાસ અંદાજિત ૨૦ મિનિટ સુધી ચાલે છે. ૧૭ વર્ષથી સળગતી ઈંઢોણીનો રાસ રમાવાની પરંપરા ચાલી આવે છે. જોકે ગરબો દર વર્ષે બદલાય છે. આ રાસ જે ગરબા પર રમવામાં આવે છે તે જાતે લખવામાં આવે છે અને ત્યારબાદ તેને ગવાય છે. આ રાસ માતાજી પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરે છે. રાસ રમતી વખતે તમામ સુરક્ષાનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. ગરબી મંડળનું સંચાલન યુવરાજસિંહ ઝાલા અને ધર્મેન્દ્રસિંહ ઝાલા કરે છે. સંચાલકોના જણાવ્યાનુસાર આ રાસ રમતી વખતે માતાજી ખુદ દીકરીઓની રક્ષા કરે છે તેની સાથે રમતા હોય તેવો ભાવ દરેક ભક્તોને થાય છે.

## જિલ્લા-તાલુકાની અદાલતોમાં દિવાળી વેકેશનના દિવસો વધારોઃ બીસીજીની માંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા-તાલુકાની અદાલતોમાં હાઈકોર્ટ દ્વારા આ વર્ષે પાંચ દિવસનું વેકેશન અપાયું છે. જેને લઈ રાજયના વકીલ આલમમાં વેકેશનના દિવસો વધારવા માંગણીનો સૂર ઉઠયો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સળંગ ૯થી ૧૦ દિવસનું વેકેશન આપવા માંગ કરાઈ છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ વાઈસ ચેરમેન મુકેશ સી. કામદાર, એકઝીકયુટીવ કમીટીના ચેરમેન નલીન ડી. પટેલ તથા ફાઈનાન્સ કમીટીના ચેરમેન અનીલ કેલ્લાએ જણાવ્યું હતું કે, દિવાળીના સત્રમાં સામાન્ય ક્રમમાં તાલુકા અને જિલ્લાની અદાલતોમાં ૧૦ દિવસનું સળંગ વેકેશન આપવામાં આવે છે.પરંતુ વર્ષે ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૨૯/૧૦/૨૪થી તા.૨/૧૧/૨૦૨૪ સુધી એમ ૫ દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવેલ છે. નીચલી અદાલતોમાં કયારેય દિવાળી સિવાય સળંગ ૯થી ૧૦ દિવસનું ધારાશાસ્ત્રીઓને વેકેશનનો સમયગાળો મળતો નથી અને ગુજરાતની અંદર દિવાળી મહાપર્વ તરીકે ઉજવાય છે. અને આ જ દિવાળીના અરસામાં ધારાશાસ્ત્રીઓ પોતાના કુટુંબીજનો સાથે સહેલાઈથી ધાર્મિક પ્રસંગોમાં ધાર્મિક જગ્યાએ તેમજ સામાજીક કામો કરી શકતા હોય છે.

જુદા જુદા તાલુકા અને જીલ્લાના બાર એસોસીએશનો દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને આ બાબતે રજુઆતો કરવામાં આવેલ જેમાં હાઈકોર્ટ દ્વારા તા.૪/૧૧/૨૦૨૪ તા.૫/૧૧/૨૦૨૪ અને તા.૬/૧૧/૨૪ સુધી જો દિવાળી વેકેશન લંબાવી આપવામાં આવે તો તેના વિકલ્પે તાલુકા અને જીલ્લા અદાલતોના ધારાશાસ્ત્રીઓ બીજા અને ચોથા શનિવારે પણ હાઈકોર્ટને વ્યવસાયીક સેવા બજાવવા માટે પોતાની તૈયારી બતાવેલ છે.જેથી આવા સંજોગોમાં ગુજરાતના તાલુકા અને જીલ્લાની અદાલતોમાં ધારાશાસ્ત્રીઓને સળંગ ૯થી ૧૦ દિવસનું દિવાળી વેકેશન મળી રહે તે માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી ગુજરાતની વડી અદાલતના ચીફ જસ્ટીસને રજીસ્ટ્રાર જનરલ મારફતે દિવાળીની રજાઓ લંબાવી આપવા લેખીત માંગણી કરાઈ છે. તેમ બીસીજીના ઈન્ચાર્જ સેક્રેટરી સિધ્ધિ ડી. ભાવસારની યાદીમાં જણાવાયું છે.

## ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાના અધ્યક્ષસ્થાને પડધરીમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

### સરકારની વિવિધ યોજનાનો આશરે ૬૦૦ લાભાર્થીઓએ લીધો લાભ

મુખ્યમંત્રીભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એક મહત્વનું સેવાસેતુ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે વાસ્તવમાં પ્રજાલક્ષી અભિયાન સાબિત થયું છે. જેમાં લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓના લાભો મળે છે.

રાજકોટના પડધરી ખાતે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સેવા સેતુ કાર્યક્રમમાં ૫૦થી વધુ પ્રકારની વિવિધ સરકારની સેવાઓ મળી રહે છે. અને પ્રજાના પ્રશ્નોનું ત્વરિત નિવારણ થાય છે. આ કાર્યક્રમ અન્વયે આશરે ૬૦૦ લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગામની મહિલાઓએ લાભ



લીધો હતો. આ પ્રસંગની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સર્વેને સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આંગણવાડીની બહેનો દ્વારા પૌષ્ટિક વાનગીઓ બનાવવામાં આવી હતી. જેનું ઉપસ્થિત સર્વેએ નિદર્શન કર્યું હતું. અને કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ તકે ગામના આગેવાનઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહીત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજીસ્ટ્રેશન ઓનલાઈન થઈ શકશે




ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અન્વયે ક્લિનિકલ વિભાગનું રજીસ્ટ્રેશન અને રેગ્યુલેશન કરવામાં આવેછે.

જે અન્વયે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ માટે વિભાગની ઓફિસ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આવેલ એપ્લિકેશન કરી શકાય છે. આ ઉપરાંત આરોગ્ય અને કુટુંબ કલ્યાણ શાખા, ગુજરાત સરકાર દ્વારા વેબ બેઝ ઓનલાઈન ફેસીલીટી અર્થે વેબસાઈટ નિર્માણનું કરવામાં આવ્યું છે. આ સેવાનો લાભ લેવા માટે https://clinicalestablishment.gipl.in સાઈટ પર ઓનલાઈન અરજી કરી શકાશે. અત્રે ઉલખનીય છે કે દરેક ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત હોય છે. આ અંગે વધુ માહિતી માટે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત, રાજકોટ ખાતે સંપર્ક સાધવા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

## રાજકોટ નાગરિક બેંકના ડાયરેકટરોની થશે ચૂંટણી : કાર્યક્રમ જાહેર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સહિતના રાજ્યોમાં કાર્યક્ષેત્ર ધરાવતી શીડયુલ્ડ બેંક રાજકોટ નાગરિક સહકારી બેંક લી.ના ડાયરેકટરોની પસંદગી કરવા માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયો છે. ૩,૩૭,૮૨૦ રેગ્યુલર સભ્યો ધરાવતી આ બેંકના ૨૧ ડાયરેકટરો ચૂંટવા માટે ચૂંટણી પ્રક્રિયાનો ૧૮મી ઓકટોબરથી પ્રારંભ થશે જે એકાદ મહિના સુધી ચાલશે. આ બેંકમાં નિશ્વાર્થ અને પ્રમાણિક ડાયરેકટરો ચૂંટાય એ નાગરિક બેંક બચાવો સંઘનો સંકલ્પ હોવાનું એક યાદીમાં જણાવવામાં આવ્યું છે. સેન્ટ્રલ રજિસ્ટ્રાર મારફત નવા કાયદાઓ પ્રમાણે રાજકોટ નાગરિક સહકારી બેન્ક નો ચૂંટણી કાર્યક્રમ આગામી તા.૧૮ ઓક્ટોબર થી ૧ મહિના માટેનો જાહેર થયેલ છે. તટસ્થ ચૂંટણી થાય તે માટે કલેકટર શ્રી ની રાહબરીમાં ચૂંટણી અધિકારી કાર્ય કરશે જે અભૂતપૂર્વ અને આવકારદાયક છે. બેન્કમાં ચાલતા સ્કેમ, ફ્રોડ, ગેર નીતિઓ સામે જુંબેશ ચલાવનાર નાગરિક બેન્ક બચાવો સંઘ એ માટે સંકલ્પબદ્ધ છે કે નવા ડિરેક્ટરો પ્રમાણિક અને નિઃસ્વાર્થ આવવા જોઈએ.

સંઘના અગ્રણિઓ સર્વશ્રી ચંદુભા પરમાર, વિબોધ દોશી,બાલુભાઈ શેઠ, ખેંગા યોગીજી, ઉમેશ દફતરી તેમજ વિશ્વેશ ધોળકિયાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે નાગરિક બેન્કમાં કાલબાદેવી, જુનાગઢ સહિતની બ્રાન્ચોમાં લોન આપવામાં મોટા પાયે સંગઠિત પ્રકારના આર્થિક અપરાધો થયેલ છે. રિઝર્વ બેન્કના ટોપ લેવલના અધિકારી પણ ચોકી ઉઠ્યા છે. નાગરિક બેન્કને આ અંગે ગંભિર ખુલ્લાસાઓ પૂછતો રિપોર્ટ પણ તાજેતર માં આપી દેવાયો છે. બેંકના ડિરેકટરો સાથેની મિટિંગમાં રિઝર્વ બેન્કે પૂનઃઓડિટ કરાવવા, જવાબદાર તમામ સામે પોલિસ કાર્યવાહી તેમજ અન્ય પગલાઓ લેવા ગંભિર હુંકમો કર્યા છે. બેન્કિંગ રૂલ્સનો જયાં જયાં ભંગ થયો




છે.

તે અને ફ્રોડ અંગેની વિગતો જાહેર કરવા પણ હુકમ કરેલ છે. બેન્ક કઈપણ છુપાવવાનો પ્રયત્ન કરશે તો ગંભિર પગલાઓ લેવાશે તેવી ચેતવણી પણ રિઝર્વ બેન્કે નાગરિક બેન્કને આપી દીધેલ છે. ટૂંક સમયમાં મોટા કડાકા - ભડાકા થવાના એંધાણ છે. બેન્કના વર્તમાન ડિરેક્ટરોમાંથી ઘણાં લોકો બેંકના જનરલ મેનેજર અને ડેપ્યુટી જનરલ મેનેજર આ સ્કેમમાં સંડોવાયેલા હોવાથી મિલીભગત દાખવી રહે છે. વર્તમાન ઈન્ચાર્જ ચેરમેન, ૨ પૂર્વ ચેરમેન તેમજ કેટલાક ડિરેક્ટરો ની ટોળકી પોતાના સ્વાર્થ માટે બેન્કને દુબાડી રહેલ છે. એટલે નાગરિક બેન્ક બચાવો સંઘની સ્થાપના થયેલ અને ઝૂંબેશ ચાલી રહેલ છે.

## વરસાદ સૌરાષ્ટ્રવાસીઓનું પાંચમુ નોરતુ બગાડે તેવી સંભાવના

### અમરેલી, ભાવનગર, જુનાગઢ, રાજકોટ, બોટાદ અને પોરબંદરમાં વરસાદી ઝાપટાની શક્યતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં એક તરફ નવરાત્રી ચાલી રહી છે તો બીજી તરફ હજી પણ ક્યાંક ક્યાંક વરસાદ પડી રહ્યો છે. આમ તો ગુજરાતમાંથી વરસાદે વિદાય લઈ લીધી ગણી શકાય પરંતુ હજી પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરતામાકં ૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. વલસાડના કપરાડામાં અડધા ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો હતો. જોકે, આજના દિવસ માટે હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી કરી છે.

દક્ષિણ ગુજરાત સિવાયના રાજ્યભરના તમામ જિલ્લાઓમાંથી ચોમાસાએ વિદાય લીધી છે પરંતુ, હવામાન વિભાગે આજે આગાહી કરી છે કે, બપોર સુધીમાં સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદી ઝાપટા વર્ષે શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસાએ ગત ૫ ઓક્ટોબરના રોજ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાંથી વિદાય લઈ લીધી છે ત્યારે જો વરસાદ વરસે તો તે વરસાદ હશે પરંતુ, તેનાથી ખેતી કે પાક ઉપર કોઈ નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી નથી. એક તરફ ગુજરાતવાસીઓ દિવસ દરમિયાન ગરમીથી ત્રસ્ત થઈ રહ્યા છે ત્યારે બીજી તરફ હવામાન વિભાગે હળવા વરસાદી જ આપવાની આગાહી કરી છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાત રાજ્યભરમાં મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકાદ ડિગ્રી સેલ્સિયસ ઓછું નોંધાયું હતું. આ ઉપરાંત આજે પણ મહત્તમ તાપમાન સામાન્ય રહેવાની શક્યતાઓ છે ત્યાં બીજી તરફ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં



હળવા વરસાદની પણ આગાહી વ્યક્ત કરવામાં આવી છે, જેને કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, દીવ, જુનાગઢ, રાજકોટ, બોટાદ અને પોરબંદરમાં બપોર સુધીમાં હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે. જો આમ બન્યું તો આજે નવરાત્રીના પાંચમા નોરતે ખેલૈયાઓના રંગમાં ભંગ પડી શકે છે કારણ કે, હળવે વરસાદને કારણે પણ ગરબાના મેદાનમાં કાદવ- કિચડ થઈ શકે છે.

## ગુજરાત સ્ટેટ એડીબલ ઓઈલ એન્ડ સીડ્સ એસો.ની વાર્ષિક સામાન્ય સભા મળી

### ચાલુ વર્ષે રાજ્યમાં મગફળીનું ૪૦.૫૬ લાખ ટન ઉત્પાદન થવાનો અંદાજ મુકાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત રાજય ખાદ્યતેલ તેલિબિયા સંગઠનની પ્રથમ સામાન્ય સભા એસીએમસી ગોંડલના હોલમાં મળી હતી. તેમાં વર્ષ ૨૦૨૪/૨૫માં રાજયમાં ૪૦.૫૬ લાખ ટન મગફળીના ઉત્પાદનનો અંદાજ મુકવામાં આવ્યો હતો.

આ તકે સંસ્થાના પ્રમુખ સમીર શાહે જણાવ્યું હતું કે સીંગતેલ ઉદ્યોગમાં ઉત્પાદન ક્ષેત્રે કયાંય ભેળસેળ થતી નથી અને ઓઈલ મીલર્સ પ્રત્યે જે પ્રકારનું વલણ દાખવવામાં આવે છે તે અયોગ્ય છે. મગફળીના વધતા ઉત્પાદનના કારણે આ વર્ષે સીંગતેલનુ ઉત્પાદન વધવાનું છે ત્યારે તેને સરળતાથી નિકાલ થાય તે માટે સીંગદાણા અને સીંગતેલમાં




રહેલ પોષક તત્વો વિશે જાહેર જનતાને અવગત કરાવવા પગલા લેવા જરૂરી છે. આ માટે કેન્દ્ર તથા રાજય સરકારે પગલા લેવા જરૂરી છે.

આ તકે આયાતી ખાદ્યતેલો પર લાદવામાં આવેલા ૨૦ ટકા ડ્યુટીના નિર્ણયને આવકારવામાં આવ્યો હતો. સાથો સાથ એમએસપી પર વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા મગફળી ખરીદવાના નિર્ણય વિશે અફસોસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સીંગતેલના સતત ઘટતા ભાવોને કારણે સીંગતેલના ભાવો ઘટી નહીં શકે પણ સીંગદાણાના ભાવ વધારવા માટે વિવિધ સૂચનો કર્યાં હતા. ગોંડલ એપીએમસીના ચેરમેન અલ્પેશ ઢોલરિયાએ જણાવ્યું હતું કે, એપીએમસીમાં મગફળીની ખરીદી મોટા પ્રમાણમાં થાય તે માટે જરૂરી તમામ સુવિધા પુરી પાડવામાં બાહેંધરી આપી હતી.

## જામનગરમાં નવરાત્રિની રમઝટ જામી, પીએમ મોદીની વેશભૂષા બની આકર્ષણનું કેન્દ્ર



જામનગર ખાતે આવેલ ગરબીમાં લોકો ઉત્સાહ સાથે ગરબા રમતા જોવા મળ્યા.રાજ્યમાં નવલી નવરાત્રિનો ઉત્સવ ચાલી રહ્યો છે ઠેર ઠેર ગરબાના આયોજન સાથે ખેલૈયાઓ માં અંબાના પર્વ નવરાત્રિ ને ઉમંગભેર ઉજવી રહ્યા છે ત્યારે સૌરાષ્ટ્રના જામનગર ખાતે અર્વાચીન ગરબા ઉમંગ અને ઉત્સાહભેર ઉજવવામાં આવી રહ્યા છે. જામનગરના સતવારા યુવક સંચાલિત જય શ્રી ચામુંડા યુવક કુમારિકા ગરબી મંડળ દ્વારા પંચેશ્વર ટાવર પાસે ગરબા મહોત્સવનું અદભુત ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં નાની બાળાઓ થી લઈ સૌ કોઈ યુવા ધન ગરબા રમતા જોવા મળી રહ્યા છે મનોરંજન માટે અહી દર વર્ષે વિવિધ વેશભૂષા દ્વારા ગરબા રમવાનું આયોજન કરવામાં આવે છે જેમાં ખેલૈયાઓ વિવિધ વેશભૂષા ધારણ કરી ગરબે ઘૂમે છેમ આ વર્ષે ગરબી મંડળને ૪૮ વર્ષ પૂર્ણ થતાં જેની ઉજવણીના ભાગરૂપે વેશભૂષા સાથે ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પીએમ નરેન્દ્ર મોદીની અને બાહુબલી હનુમાનની વેશભૂષા આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વોર્ડ નં.૮ તથા વોર્ડ નં.૧માં થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરાયું



રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજ તા.૭ના રોજ વોર્ડ નં.૮ તથા વોર્ડ નં.૧માં થયેલ ગેરકાયદેસર દબાણ/બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. વોર્ડ ૧૮ માં ભૂપતસિંહ વાઘેલા સૂર્યોદય સોસાયટી, શેરી નં.૨, કાલાવડ રોડ ગેરકાયદેસર બાંધકામ મિલ્કત સીલ કરેલ છે. લતાવાસીયો શાંતિનિકેતન સોસાયટીથી અમૃત પાર્કને જોડતો માર્ગ રસ્તા પર બનાવેલ દીવાલ સદરહુ દીવાલને દુર કરેલ છે. આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટ ઝોનના આસી. ટાઉન પ્લાનર એમ. આર. શ્રીવાસ્તવ તથા એસ.જે.સીતાપરા તથા વેસ્ટ ઝોનનો તમામ ટેકનીકલ સ્ટાફ જગ્યા રોકાણ શાખાનો સ્ટાફ, રોશની શાખાનો સ્ટાફ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ધ્રોલના લૈયારા નજીક વીજ પોલ પર રીપેરીંગ કરી રહેલા ચાર શ્રમિકો ગંભીર પ્રકારે દાઝી જતાં સારવારમાં ખસેડાયા

## ખેડૂતોએ પાવર ચોરી કરવા માટે લંગરીયા વિજજોડાણ નાખેલા જે કારણે વીજ આંચકો લાગ્યો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લૈયારા ગામ પાસે પીજીવીસીએલ દ્વારા ખાનગી કોન્ટ્રાક્ટર કંપની મારફતે થાંભલા પર નવી વીજલાઈન ઉભી કરવા અને સમારકામનું કામ કરાવવામાં આવી રહ્યું હતું જે દરમિયાન થાંભલા પર ચડેલા ચાર પર પ્રાંતિય શ્રમીકોને વીજ આંચકો લાગ્યો હતો, અને ચારેય શ્રમિક દાઝી ગયા પછી નીચે પટકાયા હતા, અને તેઓને સૌપ્રથમ ધ્રોલની સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાં આવ્યા છે.



જે ચારેય શ્રમિકો પૈકી બે શ્રમિકોની હાલત વધુ ગંભીર ગણાવાઈ રહી છે. તેઓને ઈલેવન કેવીની લાઈન માંથી વીજ આંચકો લાગ્યો હતો, તેમજ નીચે પટકાઈ પડવાથી ઈજાગ્રસ્ત પણ બન્યા હતા. આ બનાવની જાણ થતાં વિજ તંત્રની ઉચ્ચ અધિકારીઓની ટુકડી દોડતી થઈ હતી, અને તપાસ કરતાં જ્યોતિર ગ્રામમાંથી સ્થાનિક ત્રણ ખેડૂતોએ લંગરીયા નાખીને પાવર ચોરી કરી હોવાથી જ્યારે શ્રમિકોને - પાવર ચોરી થવાના કારણે વીજ પ્રવાહ રિટર્ન થતાં વીજ આંચકો લાગ્યો હતો, અને નીચે પટકાઈ પડ્યા હતા. વિજ તંત્રની ટીમ દ્વારા આ બાબતેનું સર્વે કર્યા પછી ત્રણેય ખેડૂતોના લંગરીયા વીજ જોડાણ કાપીને કબજે કરવામાં આવ્યા છે, જ્યારે ત્રણેય ખેડૂતો સામે વીજ ચોરી કરવા અંગે અને બેદરકારી દાખવી શ્રમિકોને ઈજાગ્રસ્ત બનાવવા અંગે ફરિયાદ નોંધવામાં આવી રહી છે. આ બનાવને લઈને વીજ તંત્રમાં ભારે દોડધામ થઈ છે.

# વેપારી પાસેથી રૂા.૨૭.૫૫ લાખના એપલના મોબાઈલ ખરીદ કરી પિતા-પુત્રએ કરી ઠગાઈ

## મોબાઈલ અને એપલના મોબાઈલની ખરીદી કરી પૈસા નહીં આપી છેતરપીંડી આચર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પિતા પુત્રએ મોબાઈલ અને એપલના મેકબૂકની ખરીદી કરી પૈસા નહીં આપી છેતરપીં ડી આચરી ધાક ધમકી આપી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે

આ અંગે વિગત મુજબ પુરૂષાર્થ સોસાયટી મેઈન રોડ પર સુખરામનગરમાં રહેતા અને દ્વારકેશ એન્ટરપ્રાઈઝ નામથી મોબાઈલનું હોલસેલમાં ખરીદ અને વેચાણ કરતાં જયકિશનભાઈ જેસીંગભાઈ મેતરા (ઉ.વ.૩૧) સાથે બે શખ્સોએ મોબાઈલ અને એપલના મેકબૂક મળી રૂા. ૨૭.૫૫ લાખનો માલ ખરીદી પૈસા નહીં આપ્યાની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી વેપારી યુવાનન પોતાના તાના ઘરે દ્વારકેશ એન્ટરપ્રાઈઝ નામથી મોબાઈલનો હોલસેલમાં ખરીદ વેચાણનો ધંધો કરે છે.

દોઢેક વર્ષ પહેલા સોહમ પ્રકાશ ગોંડલીયા સાથે મોબાઈલ ફોનની ખરીદીની ઈન્કવાયરી કરીને મોબાઈલ ખરીદ વેચાણ કરવાની જયકિશનભાઈ સાથે વાતચીત કરી હતી. દરમિયાન મોબાઈલ ખરીદ તેમજ વેચાણને વ્યવહારમાં સોહમના પિતા પ્રકાશ દામજી ગોંડલીયા પણ અવારનવાર જયકિશનભાઈના ઘરે આવીને જુદી જુદી કંપનીના મોબાઈલ ફોન લઈ જતા હતા.



અગાઉના તમામ બિલ સમયસર ચૂકવીને આ પિતા પુત્રએ જયકિશનભાઈ સાથે ગજબનો વિશ્વાસ સંપાદન કર્યા બાદ માર્ચ ૨૦૨૪થી જુન ૨૦૨૪ દરમિયાન સોહમ અને તેના પિતા પ્રકાશભાઈએ જુદી જુદી કંપનીના કુલ ૭૦ મોબાઈલ આશરે રૂપિયા ૨૭ લાખ ૫૫ હજારની ખરીદી કર્યા બાદ બિલ માગતા બિલ ચૂકવવા બાબતે બંને પિતા પુત્ર ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા.એક તબક્કે પૈસા નથી તેવું જણાવી થાય તે કરી લેવાનું કહ્યું હતું. જયકિશનભાઈને પોતાની સાથે રૂપિયા ૨૭ લાખ ૫૫ હજારની છેતરપિંડી થયાનું જણાતા બંને પિતા પુત્ર સામે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ મયુરધ્વજસિંહ એમ સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ એમ.એન. વસાવાએ ગુનો દાખલ કરાવી તપાસ શરૂ કરી પિતા પુત્રને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# નિલ સીટી ક્લબમાં શકીરા-જમાલ કુડુ વીડિયો મામલે હિન્દુ જાગરણ મેદાને

## 30 અર્વાચીન રાસોત્સવમાં ક્યાંય માતાજીના ગરબાના નામે અશ્લીલ ગીતો વાગતા હશે તો બંધ કરાવીશું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં નવરાત્રી પર્વ દરમિયાન અર્વાચીન રાસોત્સવમાં નિલ સીટી ક્લબના દાંડિયામાં જમાલ કુડુ અને શકીરાના ગીત વગાડી તેના પર થતા ડાન્સનો વીડિયો વાઈરલ થયા બાદ હવે હિન્દુ સંગઠન મેદાન આવ્યુ છે. હિન્દુ જાગરણના રાજકોટના સંયોજક મંગેશ દેસાઈએ યુનિવર્સિટી પોલીસ મથકમાં અરજી કરી છે અને આ પ્રકારના અશ્લીલ ડાન્સથી હિન્દુઓની લાગણી દુભાઈ હોવાની રજૂઆત કરી છે.

તેમણે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, નિલ સીટી ક્લબમાં અર્વાચીન રાસોત્સવનુ આયોજન થયેલું છે. જેમાં ૫ ઓક્ટોબરના રાત્રીના સમયે જમાલ કુડુ અને શકીરાના અશ્લીલ ગીતો વગાડી દારૂની બોટલો રાખી અશ્લીલ પ્રકારના ડાન્સ થયેલા છે. જેનો વીડિયો વાઈરલ થયો છે. જેનાથી હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. આ ઉપરાંત રાત્રે ૨ વાગ્યે ત્યાં સ્વિમિંગ પૂલમાં રેઈન ડાન્સની પણ પાર્ટીઓ થાય છે. જેથી તાત્કાલિક અસરથી આ બંધ કરાવવામાં આવે અને આ બાબતે સત્વરે પગલા લેવામાં આવે. તેમણે જણાવ્યું હતુ કે, નિલ સીટી ક્લબમાં અશ્લીલ ગીતો પર ડાન્સના વીડિયો વાઈરલ થતાં હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. જેથી ૫ ઓક્ટોબરની આ ઘટના મામલે વિરોધ નોંધાવી ૬ ઓક્ટોબરના રાત્રે અરજી કરેલી છે. પોલીસને અરજી કરવામાં આવતા તેમણે પણ કહ્યું હતું કે, તેઓ ફી ડ્રેસમાં અર્વાચીન રાસોત્સવમાં ફરશે અને આ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હશે તો તે બંધ કરાવવામાં આવશે. આ સાથે જ હિન્દુ જાગરણના કાર્યકર્તાઓ પણ અલગ-અલગ અર્વાચીન રાસોત્સવમાં જશે અને આ પ્રકારના અશ્લીલ ગીતો કે ડાન્સ થતા હશે તો તે બંધ કરાવશે.

## ગ્રીન લિફ વોટરપાર્કમાં શેડ પર વેલ્ડીંગ કામ કરતી વેળાએ પટકાતા શ્રમિક યુવકનું કરૂણ મોત

રાજકોટ-જામનગર રોડ પર આવેલ ગ્રીન લિફ વોટરપાર્કમાં કરૂણ ઘટના ઘટી હતી. વોટરપાર્કમાં આવેલ લોખંડના શેડ પર ત્રીજા માળે વેલ્ડીંગ કામ કરતી વેળાએ એકાએક નીચે પટકાતા શ્રમિક યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં મોટા મવામાં ગોલ્ડન આર્કની બાજુમાં રહેતો સાજન મુન્નાભાઈ રામ (ઉ.વ.૨૪) ગઈકાલે સવારે તે જામનગર રોડ પર બી.એ.ડાંગર કોલેજ પાછળ આવેલ ગ્રીન લિફ વોટરપાર્કમાં વેલ્ડિંગ કામ કરવા ગયેલ હતો. દરમિયાન તે વોટરપાર્કમાં આવેલ લોખંડના શેડ પર ત્રીજા માળે કામ કરતો હતો ત્યારે અચાનક પગ લપસતા તે નીચે પટકાયો હતો અને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ સ્થળે એકઠાં થયેલ લોકોએ ૧૦૮ ને બોલાવી યુવાનને સારવાર અર્થે એઈમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઇ ડી.બી.કારેથા અને સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો.

# આંબેડકરનગરના યુવાને બિમારીથી વધુ દવા પી લેતા મોત

નાનામવા રોડ પર આંબેડકરનગરમાં રહેતા કોલેજિયન યુવાને બીમારીની વધુ પડતી દવા પી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જેનું સારવાર દરમિયાન મોત નીપજતા તાલુકા પોલીસે બનાવ આપઘાતનો કે અન્ય કઈ તે અંગે તપાસ હાથ ધરી હતી. આંબેડકરનગરમાં રહેતા ધ્રુવ દિનેશભાઇ પરમાર (ઉ.૧૭) તા.૨૮ના રોજ તેના ઘેર એકલો હતો તે દરમિયાન બીમારીની વધુ દવા પી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવને પગલે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ સરવૈયા સહિતે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક આત્મીય કોલેજમાં ડિપ્લોમા એન્જિનિયરિંગમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો અને કેટલાક દિવસથી ટેન્શનમાં રહેતો હોય બહારથી ઘેર આવેલા પરિવારને જાણ થતા તેને હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું પરિવારે જણાવતા પોલીસે વધુ પૂછતાછ કરતા યુવકના પિતા મેટોડા ખાતે મજૂરીકામ કરતા હોવાનું જણાવતા પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# કચ્છના બહાદુરગઢ ગામ પાસે ટેન્કર અને બોલેરો કાર વચ્ચે અકસ્માતઃ એકનું મોત

## સાયલાના ધારા ડુંગરી ગામનો પરિવાર માતાના મઢે દર્શન કરવા જતા હતા તે વેળાએ અકસ્માત નડ્યો

મોરબી કચ્છ હાઈવે ઉપર - બહાદુરગઢ ગામના પાટિયા પાસે માતાના મઢે દર્શન કરવા જતા સાયલાના ધારા ડુંગરી ગામના પરિવારની બોલેરો ગાડી આડે અચાનક ડીવાઈડરની કટ્ટમાંથી ટેન્કર આવતા અકસ્માત સર્જાતા આ અકસ્માતમાં એક બાળકીનું મૃત્યુ નીપજ્યું હતું અને છ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત વિગતો મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ધારા ડુંગરી ગામના રોહિતભાઈ વરસંગભાઈ ઉગ્રેજાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે, ગત તા.30 સપ્ટેમ્બરના રોજ તેઓ પરિવાર સાથે માતાના મઢ ખાતે દર્શને જતા હતા ત્યારે મોરબી કચ્છ હાઈવે ઉપર - બહાદુરગઢ ગામના પાટિયા પાસે અચાનક ટેન્કર નંબર જીજે - ૨૭ - વી - ૩૬૧૯ ડિવાઈડરની કટ્ટમાંથી આડું ઉતરતા તેમની બોલેરો કાર સાથે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રોહિતભાઈની ૯ વર્ષની પુત્રી જાગૃતિનું ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે રોહિતભાઈ, તેમના પત્ની કુમાબેન, માતા રતનબેલ દીકરા ગણેશ, દીકરી અસ્મિતા અને ભાભી રેવુબેનને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ટેન્કર ચાલક વાહન રેઢું મૂકી નાસી જતા અકસ્માતના આ બનાવ અંગે રોહિતભાઈએ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# અમરેલી હોટલના રૂમમાં જુગારધામ ઝડપાયું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમરેલી શહેરના જુના માર્કેટ યાર્ડમાં આવેલ પ્રખ્યાત એન્જલ લોર્ડસ હોટલમાં એલ સી બી ટીમ ત્રાટકી હતી. જેમાં જુગાર રમતા નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ સહિત ૧૧ શખસોને રોકડ રકમ રૂ.૧,૧૯ લાખ તથા મોબાઈલ, વાહન સહિત કુલ કિ.રૂ.૪,૬૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. અમરેલી એલસીબી પી.આઈ એ એમ પટેલ, રાહુલ ચાવડા સહિતે બાતમીના આધારે હોટેલ એંજલ લોડ્ર્સમાં દરોડો પાડી ફેજલ ફારૂકભાઈ કુંડલીયા (રહે.અમરેલી, મોટા કસ્બાવાડ) રૂમ નંબર ૧૧૦ બુક કરાવી, બહારથી માણસો બોલાવી જુગારનો અડ્ડો ચલાવતા ઝડપી લીધો હતો. તેમજ જુગાર રમતા ફેજલભાઈ ફારૂકભાઈ કુંડલીયા, રહે.અમરેલી, સાકીરભાઈ ઓસમાણભાઈ નાગાણી, રહે. અમરેલી, સીરાજભાઈ મહમદભાઈ બીલખીયા, રહે. અમરેલી, ઈમ્તીયાઝભાઈ વલીભાઈ ડાયાતર રહે. અમરેલી, રહીશભાઈ રહીમભાઈ માલવીયા રહે જુનાગઢ, રહીશભાઈ સીદીકભાઈ કુરેશી, રહે. અમરેલી, અમીનભાઈ જીકરભાઈ શેખાણી રહે.અમરેલી, આરીક્ભાઈ મહમદભાઈ જીરૂકા રહે.અમરેલી, સીકંદરભાઈ સીદીકભાઈ નગરીયા રહે.અમરેલી, આરીક્ભાઈ સતારભાઈ જેઠવા, રહે.અમરેલી તેમજ નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ શકીલ અહેમદ રફીક રહેમાન સૈયદ રહે. અમરેલીને રોકડ ૧,૧૯,૨૦૦ તથા મોબાઈલ ફોન નંગ - ૧૦ કી.રુ ૨.૧૪ લાખ, સ્કુટર વાહન નંગ - ૫ કિ.રૂ. ૧,૩૦ લાખ સહિત કુલ મળી રુ. ૪,૬૩,૨૦૦ નો મુદ્દામાલ ઝડપી સિટી પોલીસે હવાલે કર્યા હતા.

# નાણાવટી ચોક પાસેં થાર ચાલક સગીરે સર્જયો અકસ્માતઃ ૪ને ઠોકરે ચડાવ્યા

## નાની ઉંમરના ૩ બાળકો થારમાં હતા સવારઃ અકસ્માત સ્થળે ધસી આવેલો પિતા લાજવાને બદલે ગાજ્યો અને નાણાંના જોરે મામલો પતાવી દીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગાંધીગ્રામ વિસ્તારમાં જ રહેતા એક પરિવારનો ૧૭ વર્ષીય પુત્ર જી.જે.૧૨ એફઈ ૦૦૦૫ નંબરની સફેદ ક્લરની થાર કાર લઈને તેમાં બીજા ૧૨ અને ૧૩ વર્ષની ઉંમરના સગીરોને બેસાડીને ચક્કર મારવા નિકળ્યો હતો. તે સમયે નાણાવટી ચોકમાં બેફામ ટ્રાફિક સર્જાયો હતો. છતાં પણ આ સગીરે તે ટ્રાફિક વચ્ચેથી થાર કારને કાઢી હતી અને બેકાબુ સ્પીડ પસાર કરતા આગળ જઈ રહેલા એક પછી એક ચાર જેટલારાહદારીઓને ઠોકરે ચડાવતા હીટએન્ડ રનની ઘટના સર્જાઈ હતી.

બેકાબુ કાર નજરે પડતા રાહદારીએ પણ દેકારો મચાવી દીધો હતો. બાદમાં અમુક લોકોએ યેનકેન કારને થંભાવી હતી.

આ અકસ્માત મામલાની જાણ થાર ગાડી ચલાવનાર પ્રભાત નામના ૧૭ વર્ષીય સગીરે તેના પિતાને કરતા તે પુરપાટ સ્પીડ સ્થળે દોડી આવ્યો હતો અનેલોકો વચ્ચે રોફ જમાવવા લાગ્યો હતો. જે કંઈ થયુ હોય કોઈની તેવડ નથી કંઈ કરવાની તેવા ઉદ્ગારો વરસાવી રહ્યો હતો. બીજી તરફ ઈજાગ્રસ્ત લોકો રસ્તા ઉપર જ પડયા હતાં. તેઓ સામે પણ તેણે જરા પણ જોયુ ન હતું. આમ કહીએ તો લાજવાના બદલે પ્રભાતનો પિતા ગાજ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને તુરંત થાર કારને જમ કરી

પોલીસ સ્ટેશને મુકાવી દેવાઈ હતી. જાણવા મળ્યા મુજબ આ થાર કાર એમ્પાયર પ્રોવાઈડરમાંથી એક ૨૧ વર્ષીય યુવક ભાડે લાવ્યો હતો અને થર્ડપાર્ટી આ પ્રભાત નામનો સગીર તેને કે જે કાયદાકીય રીતે તે ગેરકાનુની છે. ચલાવીને નિકળ્યો હતો. અને હીટ એન્ડ રન સજીર્યો હતો. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ પ્રભાતના પિતાએ ઈજાગ્રસ્તોને નાણાકીય મદદ પુરી પાડી દેતા કોઈએ ફરિયાદ નોંધાવી ન હતી. આથી પોલીસે એમવી એકટ મુજબ કાર્યવાહી કરી થારને ડિટેઈન કરી છે. આ ઉપરાંત એવુ પણ કહેવાય છે કે, અમુક અંસે પોલીસ પણ સગીર બાળકોને અને તેના પિતાને છાવરી રહી હતી. આગામી દિવસોમાં જોવાનું એ રહ્યું કે પોલીસ શું પગલા લે છે.

# ટીઆરપી ગેમના વધુ એક આરોપીની જામીન અરજીની ૮મીએ સુનાવણી

નાનામવા રોડ પર ટીઆરપી અગ્નિકાંડ કેસમાં વધુ એક આરાપીએ જામીન અંગે અરજી કરતા સેશન્સ કોર્ટ તા.૮મીએ જામીન અંગેની સુનાવણી બાદ ચુકાદો સંભળાવશે. આ ચકચારી કેસમાં અગાઉ ચાર આરોપીની જામીન અંગેની અરજી કોર્ટે ફગાવી હતી. નાનામવા રોડ પર ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોતના બનાવમાં બનાવવાળી જગ્યાનું એનઓસી લેવામાં આવ્યું ન હોય. તંત્ર દ્વારા ગેમ ઝોનના ભાગીદારો અને જવાબદાર તંત્રના અધિકારીની સાઠગાંઠ બહાર આવતા પોલીસે ગુનો નોંધી ૧૫ આરોપીની ધરપકડ કરી હતી. પોલીસની તપાસ પૂર્ણ થતા આ કેસ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ માટે રજૂ થયો હતો. બાદમાં જમીન માલિક અશોકસિંહ જગદીશસિંહ જાડેજા અને આસિસ્ટન્ટ ફાયર ઓફિસર ઈલેશ ખેરએ જામીન અરજી કરી હતી. બાદમાં જેલહવાલે રહેલા વધુ બે આરોપી મનપાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોષી અને રાજેશ મકવાણાએ પણ જેલ મુક્ત થવા જામીન અરજી કરી હતી. જે કેસમાં કોર્ટે ચારેય આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. બાદમાં વધુ એક આરોપી કિરીટસિંહ જગદીશસિંહ જાડેજાએ જેલ મુક્ત થવા અંગે જામીન અરજી કરી હતી. જે આરોપીની જામીન અરજી અંગે અદાલતમાં તા.૮મીને મંગળવારે કોર્ટ જામીન અરજીનો ચુકાદો સંભળાવશે.

# નવાગામ પાસે રોડ ક્રોસ કરતા વૃદ્ધને બાઈક ચાલકે ઠોકરે ચડાવતા મોત

શહેરમાં કુવાડવા રોડ પર નવાગામ પાસે પગપાળા રોડ ક્રોસ કરતા વૃદ્ધને ધૂમ બાઇકે ઠોકરે લેતા તેનું મોત નીપજતા કુવાડવા પોલીસે અકસ્માત બાદ નાસી જનાર બાઇકચાલક સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી. આ અંગેની માહિતી મુજબ નવાગામ (આણંદપર ગામ) એ રહેતા ભૂપતભાઈ ભીમજીભાઈ બાહુકિયા (ઉ.૫૫) શનિવારે રાત્રીના તેના ઘર નજીક હાઈવે ક્રોસ કરી જતા હતા. તે દરમિયાન અજાણ્યા બાઈકસવારે ઠોકરે લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવને પગલે કુવાડવા પોલીસ મથકના જમાદાર પી.આર. મકવાણા સહિતે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક વૃદ્ધ નિવૃત્ત જીવન ગાળતા હતા અને તેને સંતાનમાં ત્રણ પુત્ર હોવાનું પરિવારે જણાવ્યું હતું. પોલીસની વધુ પૂછતાછમાં ભૂપતભાઇ શનિવારે રાત્રીના તેના ઘર પાસે હોટેલે ચા પાણી પીવા માટે જતા હતા તે દરમિયાન આ બનાવ બન્યો હતો.

# પરસાણાનગરમાં મિત્રએ ઉંચા વ્યાજે નાણા આપી યુવાન પાસેથી રૂા.૧૩.૬૭ લાખ પડાવ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જામનગર રોડ પરના પરસાણાનગરમાં રહેતા અને ટ્રાવેલ્સ બુકિંગનું કામ કરતાં સુરેશભાઈ વિભાભાઈ ચૌહાણે (ઉં.વ.૪૨) પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મનીષ પંડયાનું નામ આપ્યું હતું. સુરેશભાઈએ ચૂકવ્યા હતા. આમ છતાં મનીષ ફરિયાદમાં જણાવ્યું હું કે, બે વર્ષ પહેલાં પોતે પરિવાર સાથે સાધુ વાસવાણી રોડ પરના આવાસ ક્વાર્ટર્સમાં રહેતા હતા ત્યારે મનીષ પંડ્યા પણ ત્યાં રહેતો હતો અને તે મિત્ર હતો.

મનીષ પંડયાના પરિવારજનોને સુરેશભાઈ કચ્છ ફરવા પણ લઈ ગયા હતા. સુરેશભાઈએ મે ૨૦૨૨થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ગૂગલ પે મારફત મનીષ પંડયા પાસેથી



કુલ રૂ.૨,૫૨,૪૦૧ વ્યાજે લીધા હતા. મનીષ પંડયા ૧૦ ટકા વ્યાજ વસૂલતો હતો. સામે સુરેશભાઈએ પણ વ્યાજ અને પેનલ્ટી સહિત ગૂગલ પેમારફત મનીષ પંડયાને રૂ.૧૩,૬૭,૩૩૯ પંડયા વધુ રૂ.૧.૪૮ લાખની માંગ કરતો હતો. ત્રણેક મહિના પહેલાં મનીષ પંડયાએ રૈયા રોડ પર પેટ્રોલ પંપ પાસે સુરેશભાઈને બોલાવી નાણાંની ઉઘરાણી કરી મારકૂટ કરી હતી અને બાદમાં ફોનમાં ગાળો ભાંડતો હતો. તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના વ્યાજખોર મનીષ પંડયા સુરેશભાઈના ઘરે ધસી ગયો હતો અને તેની માતાને કહ્યું હતું કે, તમારા દીકરાને બોલાવો નહીંતર દીકરાના દીકરાને જાનથી મારી નાખીશ અને સુરેશભાઈને અવારનવાર જ્ઞાતિ અંગે પણ હડધૂત કર્યા હતા. પોલીસે ગુનો નોંધી વ્યાજખોરની શોધખોળ શરૂ કરી હતી.

# આટકોટના વાહન-લે-વેચના ધંધાર્થી સાથે રાજકોટના ત્રણ શખ્સોએ કરી ૩ લાખની ઠગાઈ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

આટકોટના વાહન-લે-વેચના ધંધાર્થી સાથે રાજકોટના ત્રણ શખ્સોએ કાર સસ્તામાં વેચવાના બહાને આંગડીયા મારફતે રૂ. ૩ લાખ મંગાવી છેતરપીંડી આચર્યાની નોંધાઈ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં સસ્તા ભાવે કાર ખરીદવા જતા વધુ એક ઠગાઈ થઈ છે. આટકોટ રહેતાં અને ખેતીકામ કરવા ઉપરાંત વાહન-લે-વેચનું કામ કરતાં મુકેશભાઈ કડવાભાઈ વઘાસીયા (ઉ.વ.૪૫) સાથે મીત ચંદ્રવદન પૂજારા અને ચંદ્રવદન પૂજારા (રહે. બંને રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ) અને રીકેશ પટેલે છેતરપીં ડી કર્યાની ગાંધીગ્રામ- ૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં જણાવ્યું કે આરોપી રિકેશે તેને અર્ટીગા કાર સસ્તા ભાવે વેચવાની લાલચ આપી આંગડીયા મારફતે રૂા. ૩ લાખ મેળવી ચંદ્રવદનને રૂપિયા મળી ગયા છે તેમ કહ્યું હતુ આરોપી મીતે ગાડીના ટીટીઓ ફોર્મમાં સહી કરી કાર અને અસલ કાગળો સોંપ્યા બાદ કારનું પેમેન્ટ નહીં મળ્યાનું કહી કાર પરત લઈ જઈ ઠગાઈ કરી હોવાનો આરોપ મૂકાતા પીઆઈ એમ જી. વસાવાની રાહબરીમાં પીએસઆઈ એન કે. પંડ્યાએ તપાસ હાથ ધરી છે.

# બજરંગવાડીનાં જુણેજા હોલમાં દારૂની મહેફિલ માણતા ત્રણ ઝડપાયા

જામનગર રોડ પરના બજરંગવાડીમાં જુણેજા હોલમાં ચાલતી દારૂની મહેફિલ પર પોલીસે દરોડો પાડી નશો કરી રહેલા ત્રણ ઈસમને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી દારૂ અને વેફરના પેકેટ પણ જપ્ત કર્યા હતા. બજરંગવાડીમાં આવેલા જુણેજા હોલમાં જામથી જામ ટકરાઈ રહ્યા છે અને દારૂની મહેફિલ જામી છે તેવી માહિતી મળતાં જ ગાંધીગ્રામના કોન્સ્ટેબલ પ્રદીપભાઈ ડાંગર સહિતની ટીમ દોડી ગઈ હતી. પોલીસ પહોંચી ત્યારે હોલની અંદર ત્રણ શખ્સ કુંડાળું વાળીને બેઠા હતા. તેમની નજીક પ્લાસ્ટિકના ત્રણ ગ્લાસ, ખૂલેલા વેફરના પેકેટ અને ૧૮૦ એમએલ દારૂ ભરેલું પાઉચ મળી આવ્યું હતું. પોલીસે કુંડાળું વળીને બેઠેલા બજરંગવાડીના આમિર રફીક મોગલ, રૂખડિયાપરાના અયુબ રહીમ સિપાહી અને સોહિલ સાહબુદ્દીન બેલીમને સકંજામાં લેતા ત્રણેય નશાખોર હાલતમાં મળી આવ્યા હતા. ત્રણેયના મોંમાંથી કેફી પ્રવાહી પીધાની તીવ્ર વાસ આવતી હોય પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી.

# આસ્થા સોસાયટીમાં પરિણતાને ત્રાસ આપી સાસરીયાઓએ કાઢી મુકી

જામનગર રોડ પર એસઆરપી કેમ્પ પાસેની આસ્થા સોસાયટીમાં રહેતી મહિલાને પતિ સહિતના સાસરિયાંઓ માર મારી ત્રાસ આપતા હોવાની ફરિયાદ કરતાં મહિલા પોલીસે પાંચ શખ્સ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી. શારદાબેન રાજેશભાઈ સીતાપરાએ ફરિયાદ કરી હતી. જેમાં આરોપી તરીકે પતિ રાજેશ બિજલભાઈ સીતાપરા, જેઠ બહાદુરભાઈ, જેઠાણી કિરણબેન, બેચરભાઈ, જ્યોત્સનાબેન સહિતના નામો આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, બાવીસ વર્ષ પહેલાં ઘંટેશ્વર પાસેની આસ્થા સોસાયટીમાં રહેતા રજેશ સાથે લગ્ન થયા હતા. દરમિયાન તેને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર હોવાનું જણાવ્યું હતું. લગ્નના નવ વર્ષ બાદ તેના જેઠ સહિતના પતિને ચડામણી કરતા કે આને કાઢી મૂક અમે તને રોટલા આપશું. જેથી પતિ મારવા આવેલ અને મને કહ્યું કે, હું તને મારીશ તો મારા ભાઈઓ મને છોડાવી લેશે અને તું મને છૂટાછેડા આપી દે. જેથી તેને ના પાડતા મારા પતિએ કહ્યું કે, હું તારી સામે બીજીને ઘરમાં લઇ આવીશ. તેમજ મારા પતિ છેલ્લા ૧૦ વર્ષથી ઉપરના માળે એકલા રહે છે અને અમારી સાથે જમતા પણ નથી અને ઘરખર્ચ પણ આપતા નથી. જેથી તે રોણકી ગામે મારા ભાઇ રાજેશના ખેતરે ખેતમજૂરી કરતી હોય અને તેના પૈસાથી ગુજરાન ચલાવતી હોવાનું જણાવતાં એએસઆઇ સાવલિયા સહિતે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.